આજનો સુવિચાર
જીવનમાં સંપત્તિ ઓછી મળશે તો ચાલશે, બસ સંબંધ એવા કેળવો તેની કિંમત આંકી શકાય નહી !

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૪ જૂનાગઢ તા.૨૬-૦૯-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 244, Junagadh : Date : 26 September, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# મુંબઈ જળબંબાકાર : પાંચ કલાકમાં ૧૧ ઈંચ : પાંચનાં મોત




મુંબઈ,તા.૨૬
દેશમાંથી નૈઋત્ય ચોમાસાની વિદાય શરૂ થઈગઈ છે. તેવા સમયે જ શરૂ થયેલા વરસાદના નવા રાઉન્ડે આર્થિક પાટનગર મુંબઈને પાણી-પાણી કરી દીધુ હતું. મહાનગરના કેટલાંક ભાગોમાં પાંચ કલાકમાં ૧૧ ઈંચ કે તેથી વધુ વરસાદ થતા સર્વત્ર જળબંબાકાર સર્જાયો હતો. પાંચ લોકોનાં મોત થયા હતા. હજારો લોકો અટવાયા હતા.લોકલ ટ્રેન તથા વિમાની સેવા અસ્તવ્યસ્ત બની હતી. સ્કુલ-કોલેજોમાં આજે રજા જાહેર કરવામાં આવી છે.

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ગઈકાલે સાંજે પાંચ વાગ્યા સુધી શરૂ થયેલા મુશળધાર વરસાદે સમગ્ર શહેરને હચમચાવી નાખ્યું હતું. લગભગ પાંચ કલાક સુધી આ વરસાદેપાંચ લોકોના જીવ લીધા હતા. વરસાદના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે અને ટ્રાફિક જામ થઈ ગયા હતા. વરસાદના કારણે ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ છે. મુંબઈની લોકલ મોડી ચાલી રહી છે. આ સિવાય મુંબઈ એરપોર્ટ પર પણ ઘણી ફલાઈટને ડાયવર્ટ કરવી પડી હતી. મુંબઈ, થાણે અને રાયગઢમાં આ ભારે વરસાદને કારણે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટથી રેડ એલર્ટ જાહેર કરવું પડ્‌યું હતું. આ ચેતવણી આજે સવારે ૮.૩૦ વાગ્યા સુધી ચાલુ રહી હતી. આ પછી આજ માટે ઓરેન્જ એલર્ટ જારી આર્થિક રાજધાની મુંબઈમાં ફરી એકવાર વરસાદે તબાહી મચાવી છે. વિદાય લેતા ચોમાસાએ મુંબઈની ગતિને બ્રેક મારી દીધી છે. માયાનગરી ફરી એકવાર પાણી પાણી બની છે. છેલ્લા ૨૪ કલાકથી સતત વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રસ્તાઓ નદી બની ગયા છે. શાળા-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. દરમિયાન, હવામાન વિભાગે ભારે વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું છે.

ગત રાત્રિના વરસાદમાં કુલ પાંચ લોકોના મોત થયા હતા. વીજળી પડવાથી બે લોકોના મોત થયા છે. મુંબઈમાં વરસાદની અસર બસ, લોકલ ટ્રેન અને એર સર્વિસ પર પણ જોવા મળી છે. પાટા પર પાણી ભરાઈ જવાને કારણે મોડી રાત્રે લોકલ ટ્રેનોની અવરજવર પણ અટકાવવી પડી હતી. ભારે વરસાદને કારણે મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. એરપોર્ટ રનવે પર પાણી ભરાઈ જવાને કારણે ૧૪ ફલાઈટના રૂટ બદલવા પડ્‌યા હતા

## વડોદરામાં ૧૧૦ કી.મી.ની ઝડપે વાવાઝોડું ત્રાટકયું : ૪નાં મોત

વડોદરા તા. ૨૬
વડોદરા શહેરમાં ગઈકાલે સમી સાંજે ૧૧૦ કી.મી.ની ઝડપે ફુંકાયેલા પવન સાથે ત્રાટકેલા પ્રચંડ વાવાઝોડાએ વડોદરા શહેરમાં ત્રણ ઈંચ જેટલા વરસાદ નોંધાયો હતો જેમાં વિવિધ વરસાદી ઘટનાઓમાં ચારનાં મોત થયા હોવાનું જાણવા મળેલ છે. અનેક જગ્યાએ ઝાડ પડવાના કોલ ફાયર વિભાગને મળ્યા હતા. તો બીજી તરફ ઝાડ પડવાના કારણે અનેક વીજપોલ ધરાશાયી થયા હતા. શહેરના અનેક વિસ્તારોમાં મોડી રાત સુધી વીજ પુરવઠો બંધ રહ્યો હતો. પ્રચંડ વાવાઝોડાના કારણે વડોદરા શહેરમાં એક ૨૪ વર્ષીય યુવકનું મોત નિપજયું છે, તો જિલ્લામાં પાદરામાં પણ એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. સાથે જિલ્લાના પાદરામાં કિરણસિંહ છત્રસિહ રાઠોડ (ઉં.વ.૫૦ રહે. પીપળીગામ ઘંટીવાળુ ફળિયુ તા.પાદરા જી.વડોદરા) ગઈકાલે સાંજે પોતાની બાઈક લઈ જતા હતા તે દરમિયાન પાદરા અંબાશકરી નજીક રોડ ઉપર નીલગીરીનું મોટુ ઝાડ માથા પર પડતા ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું. તો બીજી તરફ શહેરના કપુરાઈ નજીક મૂળ વરાછા સુરતના ૪૫ વર્ષીય જગદીશ હીરપરા પોતાની કાર લઈને હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન વિશાળ બોર્ડ તેના પર ધરાશાયી થયા હતા.

## અમેરીકાનાં કેલિફોર્નિયામાં ફરીવાર સ્વામીનારાયણ મંદીર પર હુમલો - તોડફોડ : હિન્દુઓ પાછા જાવનાં લખાણ



ન્યૂયોર્ક તા. ૨૬ :
અમેરિકાના કેલિફોર્નિયામાં હિન્દુ ધર્મના ધર્મસ્થાન પર હુમલો થયો છે. છેલ્લા ૧૦ દિવસમાં આ બીજી વખત છે જયારે કોઈ હિંદુ ધાર્મિક સ્થળ મંદીર પર આ રીતે હુમલો કરવામાં આવ્યો હોય, એટલું જ નહીં આ દરમિયાન સ્વામિનારાયણ મંદિરમાં હિંદુ વિરોધી નારા પણ લખવામાં આવ્યા હતા. બદમાશોએ લખ્યું હતું 'હિન્દુઓ ગો બેક'. આ ઘટના કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં બની હતી.બુધવારે કેલિફોર્નિયામાં BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિંદુ વિરોધી સંદેશા લખવામાં આવ્યા હતા. અમેરિકામાં આઠ દિવસમાં આ બીજી ઘટના છે. BAPS પબ્લિક અફેર્સે કહ્યું કે સેક્રામેન્ટોમાં તેમના મંદિરને 'હિન્દુઓ પાછા જાઓ'ના સંદેશ સાથે અપવિત્ર કરવામાં આવ્યું છે. BAPS એ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'શાંતિ માટે પ્રાર્થના કરતી વખતે અમે નફરત સામે એકજૂથ છીએ.' આ પહેલા ન્યૂયોર્કના સ્વામી નારાયણ મંદિરમાં પણ આવી જ ઘટના બની હતી. આ રીતે અમેરિકામાં હિંદુ ધર્મ સામે વિરોધ વધી રહ્યો છે.

## બાંગ્લાદેશમાં હિન્દુઓને ધમકી : દુર્ગા પુજા કરવા માટે રૂા. પાંચ લાખની માંગણી કરતા પત્રો મળ્યા

ઢાકા, તા.૨૬: બાંગ્લાદેશમાં હિંદુ સમુદાય ફરી નિશાના પર લાગે છે. હવે એવા અહેવાલ છે કે ઈસ્લામિક કટ્ટરપંથી જૂથોએ મંદિરો અને સમિતિઓને ધમકીભર્યા પત્રો મોકલીને પાંચ લાખ બાંગ્લાદેશી રૂપિયાની માંગણી કરી છે. એવું કહેવામાં આવ્યું છે કે જો રકમ નહીં ચૂકવવામાં આવે તો પૂજાની મંજૂરી આપવામાં આવશે નહીં. સમુદાયના સભ્યોનું કહેવું છે કે દુર્ગાજીની મૂર્તિ તોડવાની ધમકી અને છેડતીના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ કટ્ટરપંથી ઈસ્લામિક જૂથોએ દુર્ગા પૂજા કરવા માટે મંદિરો અને સમિતિઓ પાસેથી ૫ લાખ બાંગ્લાદેશી ટાકાની માંગણી કરી છે. ૯ થી ૧૩ ઓક્ટોબર સુધી દુર્ગા પૂજા ઉજવાશે.

## ઈઝરાયલી સેનાએ લેબનોનમાં તબાહી મચાવી : જમીની હુમલો કરવા તૈયારી

બૈરૂત, તા.૨૬
ગત વર્ષે ઈઝરાયલ પર હમાસના હુમલા બાદ આ વિસ્તારમાં સર્જાયેલી અશાંતિ હવે મોટો ભડકો કરે તેવો ભય છે. છેલ્લા કેટલાક દિવસથી ઈઝરાયલી સેનાએ તેના આક્રમણનું કેન્દ્ર હમાસ બાદ લેબનાનમાં હિઝબુલ્લા ગેરીલા સંગઠન ભણી ફેરવ્યું છે અને છેલ્લા ત્રણ દિવસમાં લેબનાનમાં ભારે હવાઈ હુમલા અને હજારો ટન બોમ્બ વરસાવ્યા બાદ હવે ઈઝરાયલની સેનાને ગમે તે સમયે લેબનાનમાં ઘુસવા માટે તૈયાર રહેવા આદેશ આપતા જ અમેરિકા સહિતના દેશો ભડકી ગયા છે.

ઈઝરાયલના લેબનાનના હુમલામાં અત્યાર સુધીમાં ૫૫૦થી વધુ લોકોના મોત થયા હતા. અગાઉ ઈઝરાયલે બૈરૂત અને તેના આસપાસના વિસ્તારમાં પહેલા પેજર વિસ્ફોટક અને બાદમાં વોકીટોકી અને સોલાર પેનલ વિસ્ફોટથી ભયનું સામ્રાજય ફેલાઈ દીધુ હતું અને બાદમાં છેલ્લા ત્રણ દિવસથી ઈઝરાયલમાંથી હજારો રોકેટ અને મિસાઈલથી લેબનાનને તબાહ કરવાનું શરૂ કરીને આ લડાકુ સંગઠનની સૈન્ય શકિતને પાંગળી કરી દેવાનો અને તોડી પાડવાનો વ્યુહ અપનાવ્યો છે.

## જન્મ - મૃત્યુ નોંધણી અને બર્થડેટમાં સુધારો કરવાનું હવે સરળ બનશે : રાજય સરકારે પરીપત્ર જાહેર કર્યો

ગાંધીનગર તા. ૨૬
રાજ્ય સરકારે જન્મ અને મૃત્યુ સમયે નોંધાયેલા નામ તથા જન્મ તારીખમાં ફેરફાર કરવા માટે એક પરિપત્ર જારી કર્યો છે. આ નિર્ણય બાદ જન્મ-મૃત્યુ નોંધણી અને બર્થ ડેટમાં સુધારો સરળ બનશે. તેમજ જન્મ અને મરણના રજિસ્ટરમાં નામ તથા જન્મ તારીખ સુધારણા માટેની અરજી પર નિર્ણય કરતી વખતે જન્મ અને મરણ નોંધણીના સંબંધિત રજિસ્ટ્રારે આ બાબતોની નોંધ લેવી પડશે.

ગુજરાત સરકારે જન્મ-મરણ અંગે સેન્ટ્રલ ગવર્નમેન્ટની એડવાઈઝરી હતી એ એડોપ્ટ કરી હતી. પરંતુ એમાં ઘણા પેટા નિયમ ઉમેરવાના બાકી હતા. તેમજ કેટલીક બાબતો ઉમેરવાની રહી ગઈ હોવાની ધ્યાને આવી હતી. તેમજ જન્મ અને મરણ અંગે બીજી નાની-મોટી એડવાઈઝરી ભેગી કરીને આ પરિપત્ર બનાવ્યો છે જેથી લોકોને થતી નાની-મોટી તકલીફ દૂર થાય અને ઝડપથી નિરાકરણ આવી શકે. નામ સુધારણાની અરજીનો નિર્ણય કરતી વખતે સંબંધિત રજિસ્ટ્રારે અરજદારની અન્ય ઓળખની વિગતો પિતાનું નામ, છેલ્લું નામ, અટક કે જન્મ તારીખ અથવા કોઈ એક કે તેમાંની કેટલીક વિગતો બદલવાની માંગ કરી છે કે નહીં તે બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે. સંબંધિત રજિસ્ટ્રારે અરજી સાથે આપેલા ફોટો આઈડી કે અન્ય ઓળખના દસ્તાવેજોને ધ્યાનમાં રાખવાના રહેશે.

અરજદારે આપેલા પુરાવાની ખરાઈ કર્યા બાદ, રજિસ્ટ્રારને સત્યતાની ખાતરી થાય તો નામમાં ફેરફારના સંદર્ભે 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી શકે છે અને જન્મ નોંધણીની નોંધની કોલમમાં જરૂરી નોંધ કર્યા પછી જન્મના પ્રમાણપત્રમાં બન્ને નામો લખવાનાં રહેશે. જો અરજદારને 'ઉર્ફે' શબ્દનો સ્વીકાર ન હોય તો, અરજદાર દ્વારા આપવામાં આવેલા પુરાવાની ફરી ખરાઈ કર્યા બાદ રજિસ્ટ્રારે કરવાના થતા ફેરફાર જન્મ રજિસ્ટરના જન્મ નોંધણીની નોંધની કોલમમાં બન્ને નામનો ઉલ્લેખ સુધારાની તારીખ સાથે કરવાનો રહેશે.

## અમેરીકાનાં રાષ્ટ્રપતિની ચૂંટણીનાં સર્વેમાં કમલા હેરિસ ટ્રમ્પથી ઘણા આગળ

ન્યૂયોર્ક તા. ૨૬ : અમેરિકામાં ૫ નવેમ્બરે યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણીમાં હવે ૪૦ દિવસનો સમય બાકી રહ્યો છે. ડેમોક્રેટિક ઉમેદવાર અને હાલ ઉપપ્રમુખ કમલા હેરિસ અને પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તમામ તાકાત લગાવી દીધી છે અને મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. સર્વેનાં આંકડા અને અમેરિકન સટ્ટા બજારના મતે, કમલા હેરિસ આગળ વધી રહ્યાં છે. ૨૩ સપ્ટેમ્બરે કમલા ૩ મોટા એક્ઝિટ પોલના સરેરાશમાં ટ્રમ્પથી ૧૬ ટકા આગળ છે. કમલાની જીતની શક્યતા ૫૮ ટકા તો ટ્રમ્પની જીત શક્યતા ૪૨ ટકા છે. કમલાને ટ્રમ્પ કરતાં ૩ ટકા વધુ વોટ મળ્યા છે. પાંચ ટોચના અમેરિકી સટ્ટાબાજીનાં પ્લેટફોર્મની સરેરાશ પણ કમલા (૫૪%) ટ્રમ્પ (૪૬%) કરતાં ૮% પોઈન્ટ આગળ જોવા મળી રહ્યા છે.

## ગુજરાતમાં ભાદરવે અષાઢી માહોલ

અમદાવાદ તા.૨૬
ગુજરાતમાં વરસાદનાં નવા રાઉન્ડમાં મેઘસવારી વધુ વ્યાપક બની રહી હોય તેમ આજે રાજયનાં ૧૮૧ તાલુકામાં હળવો-ભારે વરસાદ પડયો હતો સુરતના ઉમરપાડામાં અનરાધાર વરસાદ સાત ઈંચ પડયો હતો. રાજય હવામાન વિભાગનાં રીપોર્ટ મુજબ રાજયના અનેક ભાગોમાં ગઈકાલે સાંજથી વાતાવરણ બદલાવા લાગ્યુ હતું. અને મેઘરાજાની એન્ટ્રી થઈ હતી. સાત ઈંચ જેવા ભારે વરસાદથી ઉંમરપાડામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ સિવાય સુરત શહેર સવા ત્રણ ઈંચ વરસાદ થતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. નવસારી શહેર તથા જેતપુર પાવીમાં પણ ત્રણ-ત્રણ ઈંચ વરસાદ પડયો હતો. રાજયના ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો જયારે ૬૦ તાલુકામાં એક ઈંચ કે તેથી વધુ વરસાદ પડયો હતો.

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

સ્ટાફ જોઈએ છે
ગ્રેજ્યુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરનાં જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે
ઉંમર : ૨૨ થી ૪૦ ONLY BOYS
જૂનાગઢમા રહેતા વ્યકિતએ જ સંપર્ક કરવો
સમય સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી
મો.૯૮૨૫૫૮ ૧૫૭૯૬

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
જૂનાગઢમાં ખાસ કેમ્પ
zydus Hospitals
કેન્સરના રોગોના નિષ્ણાંત
ડૉ. મનોહર ચારી, MD, DM
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર:
• મોઢા અને ગળાના કેન્સર
• ફેફસાનાં કેન્સર • સ્તન કેન્સર
• મગજમાં ગાંઠ • આંતરડા તથા મળમાર્ગના કેન્સર • લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર
• ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર
• ચામડી, હાડકાના કેન્સર, સારકોમા
20 વર્ષ તથા એક લાખથી વધુ કિમોથેરાપી આપવાનો અનુભવ અને કેન્સરના 25000 થી વધુ નવા કેસોની સારવાર
ગુજરાતના જાણીતા લેપ્રોસ્કોપીક અને રોબોટીક ગેસ્ટ્રો હિપેટોબીલીયરી સર્જન
ડૉ. ધૈવત વૈષ્ણવ, MS, DNB Surgical Gastroenterology
પેટ, આંતરડા, સ્વાદુપિંડ અને લીવરની બીમારીઓના લક્ષણો:
• લીવર, સ્વાદુપિંડ, નાના અને મોટા આંતરડાના જટિલ તથા કેન્સરના રોગો
• અન્નનળી અને હોજરીના રોગો
• રોબોટિક્સ અને લેપ્રોસ્કોપી દ્વારા અદ્યતન તથા સુરક્ષિત સારવાર • ઝડપી રિકવરી
મગજના રોગોના નિષ્ણાંત
ડૉ. કુલદીપ વાળા, MS, M.Ch (Neurosurgery)
મગજને લગતી બિમારીઓ જેમ કે,
• બ્રેન ટ્યુમર (મગજની ગાંઠ), એન્ડોસ્કોપી
• કરોડરજ્જુના મણકાની સર્જરી, સ્લિપ ડિસ્કની અને કમરના દરેક દર્દોની સારવાર
• મિનીમલ સર્જરી • ચીરા વગરની સ્ટ્રોકની સર્જરી • વાઈ અને ખેંચની સર્જરી • નાનામાં નાના ચીરા થી સ્પાઈન અને ટ્યુમરની સર્જરી
• એન્ડોવાસ્કયુલર ન્યુરોઈન્ટરવેન્શન
28-09-2024 (શનિવાર) | સવારે 09:30 થી 12:00
સેવાસેતુ નિદાન કેન્દ્ર, બસ સ્ટેન્ડના બીજા ગેટ સામે, શિવ શક્તિ ટ્રાવેલ્સ વાળી ગલી, શિવ મંદિરની બાજુમાં, જૂનાગઢ
રજીસ્ટ્રેશન માટે સંપર્ક 88669 03300 / 63576 76350
કેમ્પ ફી ₹ 200
ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ-54. | નં.: 079 66190300

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


# મેક ઈન ઈન્ડિયા ૧૦ વર્ષની ઉજવણી કરે છે : પરિવર્તનશીલ વૃદ્ધિનો દાયકો

અમદાવાદ તા.૨૬ : 'મેક ઈન ઈન્ડિયા' પહેલ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ શરૂ કરવામાં આવી હતી, જે ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે સશક્ત બનાવવાનો સીમાચિહ્નરૂપ દાયકો પૂર્ણ કરે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમે સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવામાં, કૌશલ્ય વિકાસ વધારવામાં અને વિદેશી રોકાણને સરળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

**પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ):** વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ભારતે વર્ષ ૨૦૧૪-૨૪માં ૬૬૭.૪ અબજ ડોલરનો સંચિત એફડીઆઈ પ્રવાહ આકર્ષ્યો છે, જે અગાઉના દાયકા (૨૦૦૪-૧૪)ની સરખામણીમાં ૧૧૯ ટકા વધારે છે. રોકાણનો આ પ્રવાહ ૩૧ રાજ્યો અને ૫૭ ક્ષેત્રોમાં ફેલાયેલો છે, જે વિવિધ ઉદ્યોગોમાં વૃદ્ધિને વેગ આપે છે. કેટલાક વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને બાદ કરતાં મોટા ભાગનાં ક્ષેત્રો ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦ ટકા એફડીઆઈ માટે ખુલ્લાં છે. છેલ્લા એક દાયકામાં (૨૦૧૪-૨૪) મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં એફડીઆઈ ઈક્વિટી પ્રવાહ ૧૬૫.૧ અબજ ડોલરે પહોંચ્યો હતો, જે અગાઉના દાયકા (૨૦૦૪-૧૪)ની તુલનામાં ૬૯ ટકાનો વધારો દર્શાવે છે, જેમાં ૯૭.૭ અબજ ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો.

**પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના:** ૨૦૨૦માં રજૂ કરવામાં આવેલી પીએલઆઈ યોજનાઓના પરિણામે રોકાણમાં ૧.૩૨ લાખ કરોડ રૂપિયા (૧૬ અબજ ડોલર) અને જૂન ૨૦૨૪ સુધીમાં ?૧૦.૯૦ લાખ કરોડ (૧૩૦ અબજ ડોલર)ના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં નોંધપાત્ર વધારો થયો છે. આ પહેલને કારણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૮.૫ લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું છે.

**નિકાસ અને રોજગાર:** નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતની ચીજવસ્તુઓની નિકાસ ૪૩૭ અબજ ડોલરને વટાવી ગઈ છે. નિકાસમાં વધારો થયો છે, જેમાં પીએલઆઈ યોજનાઓને કારણે વધારાના ?૪ લાખ કરોડનું સર્જન થયું છે, જ્યારે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં કુલ રોજગારી ૨૦૧૭-૧૮માં ૫૭ મિલિયનથી વધીને ૨૦૨૨-૨૩માં ૬૪.૪ મિલિયન થઈ ગઈ છે.

**વેપાર-વાણિજ્યમાં સુગમતા :** વેપાર-વાણિજ્યની સ્થિતિ સુધારવા માટેની ભારતની પ્રતિબદ્ધતા, વર્ષ ૨૦૧૪માં ૧૪૨મા ક્રમથી વધીને વર્ષ ૨૦૧૯માં ૬૩મા ક્રમથી વિશ્વ બેંકનાં ડૂઈંગ બિઝનેસ રિપોર્ટમાં સ્પષ્ટ થાય છે. ૪૨,૦૦૦થી વધુ અનુપાલનમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને ૩,૭૦૦ જોગવાઈઓને ડીક્રિમિનલાઈઝ કરવામાં આવી છે. જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) કાયદો, ૨૦૨૩, લોકસભા ૨૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ અને ૨ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, જેણે ૪૨ કેન્દ્રીય કાયદાઓમાં ૧૮૩ જોગવાઈઓને નાબૂદ કરી છે.

**ચાવીરૂપ સુધારાઓ**

**સેમીકન્ડક્ટર ઇકોસિસ્ટમ ડેવલપમેન્ટ:** સેમીકોન ઈન્ડિયા પ્રોગ્રામ, જેની કિંમત રૂ. ૭૬,૦૦૦ કરોડ છે, તે મૂડી સહાય અને તકનીકી સહયોગની સુવિધા દ્વારા સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન પૂરું પાડવાનું લક્ષ્ય ધરાવે છે. ભારતે સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમના દરેક સેગમેન્ટને ટેકો આપવા માટે નીતિઓ વિકસાવી છે, જે માત્ર ફેબ્સ પર જ ધ્યાન કેન્દ્રિત કરતી નથી, પરંતુ પેકેજિંગ, ડિસ્પ્લે વાયર, ઓએસએટી, સેન્સર્સ અને અન્ય બાબતોનો સમાવેશ કરે છે.

નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ (એનએસડબલ્યુએસ): સપ્ટેમ્બર, ૨૦૨૧માં શરૂ કરવામાં આવેલી આ પ્લેટફોર્મ રોકાણકારોનાં અનુભવને સરળ બનાવે છે, જેમાં ૩૨ મંત્રાલયો/વિભાગો અને ૨૯ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી મંજૂરીઓને સંકલિત કરવામાં આવી છે, જે ઝડપથી મંજૂરીઓની સુવિધા પ્રદાન કરે છે.

**પ્રધાનમંત્રી ગતિશક્તિ :** પ્રધાનમંત્રી ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન (એનએમપી) જીઆઈએસ આધારિત મંચ છે, જે સરકારનાં વિવિધ મંત્રાલયો/વિભાગોનાં પોર્ટલો ધરાવે છે, જેની શરૂઆત ઓક્ટોબર, ૨૦૨૧માં થઈ હતી. તે મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સંકલિત આયોજન સાથે સંબંધિત ડેટા-આધારિત નિર્ણયોને સરળ બનાવવા માટે પરિવર્તનકારી અભિગમ છે, જેથી લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થાય છે.

**રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ (એનએલપી):** લોજિસ્ટિક્સ ખર્ચઘટાડવા અને કાર્યદક્ષતા વધારવાનાં ઉદ્દેશ સાથે વર્ષ ૨૦૨૨માં શરૂ કરવામાં આવેલી એનએલપી ભારતીય ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે વધારે સ્પર્ધાત્મક બનાવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

**ઔદ્યોગિક કોરિડોર એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર:** નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ૧૧ ઔદ્યોગિક કોરિડોરના વિકાસને રૂ. ૨૮૬૦૨ કરોડના અંદાજિત રોકાણ સાથે ૧૨ નવા પ્રોજેક્ટ્સને મંજૂરી મળી છે. આ કોરિડોર વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધાઓ પ્રદાન કરીને ભારતની સ્પર્ધાત્મકતામાં વધારો કરે છે.

**વન-ડિસ્ટ્રિક્ટ-વન-પ્રોડક્ટ (ઓડીઓપી):** સમગ્ર ભારતમાં સ્વદેશી ઉત્પાદનો અને કારીગરીને પ્રોત્સાહન આપતી ઓડીઓપી પહેલે સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપ્યું છે, જેમાં આ વિશિષ્ટ ઉત્પાદનો માટે પ્લેટફોર્મ પ્રદાન કરવા માટે ૨૭ રાજ્યોમાં યુનિટી મોલ્સની સ્થાપના કરવામાં આવી છે.

**સ્ટાર્ટઅપ ઇન્ડિયા :** નવીનતાને પ્રોત્સાહન આપવા અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરવાની ઈચ્છા સાથે સરકારે ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૬નાં રોજ સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ શરૂ કરી હતી. સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ હેઠળ સરકાર દ્વારા સતત પ્રયાસોને પગલે ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધીને ૧,૪૦,૮૦૩ થઈ ગઈ છે, જેણે ૧૫.૫ લાખથી વધુ સીધી રોજગારીનું સર્જન કર્યું છે.

ભારત સરકારે સ્થાનિક અને વિદેશી એમ બંને પ્રકારનાં રોકાણોને વેગ આપવા વિસ્તૃત અને બહુઆયામી અભિગમ અપનાવ્યો છે, જે મજબૂત અને ગતિશીલ આર્થિક વાતાવરણને પ્રોત્સાહન આપશે. ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) જેવા સીમાચિહ્નરૂપ સુધારાઓ અને કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાથી માંડીને વેપાર-વાણિજ્ય કરવામાં સરળતા લાવવા અને એફડીઆઈ નીતિઓને સરળ બનાવવાના ઉદ્દેશથી દૂરગામી પગલાં લેવા સુધી, દરેક પગલું રોકાણને અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરવા તરફ અગ્રેસર છે. ફોઝ્ડ મેન્યુફેક્ચરિંગ પ્રોગ્રામ (પીએમપી), પબ્લિક પ્રોક્યોરમેન્ટ ઓર્ડર્સ અને ક્વોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ (ક્યુસીઓ) જેવી પહેલો સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને ઉત્પાદનની ગુણવત્તા વધારવા પર કેન્દ્રિત છે.

કોવિડ-૧૯ દ્વારા ઊભા થયેલા પડકારો સામે સરકારની સક્રિય પ્રતિક્રિયા, ભારત પેકેજીસ અને નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (એનઆઈપી) અને નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન (એનએમપી) હેઠળ લક્ષિત રોકાણો મારફતે પ્રતિકૂળતાઓને વૃદ્ધિની તકમાં પરિવર્તિત કરી છે. ઈન્ડિયા ઈન્ડસ્ટ્રિયલ લેન્ડ બેંક (આઈઆઈએલબી), ઈન્ડસ્ટ્રિયલ પાર્ક રેટિંગ સિસ્ટમ (આઈપીઆરએસ) અને નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ (એનએસડબલ્યુએસ) જેવા સાધનો રોકાણકારો માટે પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત કરે છે. વધુમાં, વિવિધ મંત્રાલયોમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ (પીડીસી) એ સુનિશ્ચિત કરે છે કે રોકાણની દરખાસ્તો ઝડપથી આગળ વધે, જે ભારતને વૈશ્વિક અને સ્થાનિક રોકાણકારો માટે વધુ આકર્ષક સ્થળ બનાવે છે. આ પ્રયાસો સામૂહિક રીતે ઉત્પાદન અને નવીનતા માટે ભારતની વધતી જતી સ્થિતિના રૂપમાં મજબૂત કરે છે.

જ્યારે ભારત તેના વિકાસના આગામી દાયકામાં આગળ વધી રહ્યું છે, ત્યારે મેક ઇન ઈન્ડિયા ૨.૦ સ્થિરતા, નવીનતા અને આત્મનિર્ભરતાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પુનઃપ્રાપ્ય ઊર્જા, હરિત ટેકનોલોજી અને અત્યાધુનિક ઉત્પાદનમાં વ્યૂહાત્મક હસ્તક્ષેપો સાથે આ પહેલ એ સુનિશ્ચિત કરી રહી છે કે ભારતીય ઉત્પાદનો ઉચ્ચતમ વૈશ્વિક માપદંડોને પૂર્ણ કરે.

# વેરાવળમાં યુવતીને બળાત્કારની ફરીયાદ પરત ખેંચી લેવા હેરાન કરી ધમકી આપતા યુવક ઝડપાયો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૬

વેરાવળમાં એક યુવતીએ ચાર માસ અગાઉ પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચાર્યની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો. આ આરોપી તાજેતરમાં જેલ બહાર આવતા પોતાના લખણ ફરી ઝળકાવી ફરીયાદી યુવતીનું સોશિયલ મિડીયા એકાઉન્ટ હેક કરી ખોટા મેસેજો કરીને અરજી પાછી ખેંચી લેવા માનસીક હેરાન પરેશાન કરી ધમકી આપી રહ્યો હતો. જે અંગે યુવતીએ ફરી ફરીયાદ કરતા પોલીસે યુવક સામે આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. વેરાવળની ખાનગી કંપનીમાં કામ કરતી યુવતીએ અત્રેના આદિત્ય પાર્કમાં રહેતા દર્પણ ચંદ્રકાન્ત પોપટ નામના યુવક સામે ચાર માસ અગાઉ તા.૨૦-૫ ના રોજ તેણીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યાની ફરીયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે આરોપીની અટક કરી જેલ હવાલે કર્યો હતો. આ કેસમાં આરોપી દર્પણ તાજેતરમાં જેલમાંથી બહાર આવ્યા બાદ ફરી લખણ ઝળકાવ્યાનું સામે આવ્યુ છે. જેમાં ફરીયાદી યુવતીનું ઈન્સ્ટાગ્રામ હેક કરીને કે અન્ય કોઈપણ રીતે આઈડી પાસવર્ડ મેળવી પોતે નિર્દોષ હોય તેવા જુદા જુદા મેસેજો કરી રહેલ તેમજ ગત તા.૧૩-૯-૨૪ ના રોજ યુવતી કંપનીએથી ઘરે જમવા જઈ રહેલ તે સમયે રસ્તામાં બાઈક લઈને પીછો કરીને દુષ્કર્મની કરેલી ફરીયાદ તથા અરજીઓ પાછી ખેંચી લેવાનું કહી મારી નાંખવાની ધમકી આપી માનસીક રીતે હેરાન પરેશાન કરી રહ્યો હતો. જે અંગે યુવતીએ ફરી ફરીયાદ કરતા પોલીસે આરોપી દર્પણ પોપટ સામે બીએનએસ ૩૫૧ (૨) આઈટી એક્ટ ૬૬ (ઈ) મુજબ ગુનો નોંધી ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ કલેકટરએ ભેસાણની શાળા અને સામુહિક આરોગ્ય કેન્દ્રની ઓચીંતી લીધી મુલાકાત





જૂનાગઢ તા.૨૫

જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ ભેસાણ તાલુકા પ્રાથમિક શાળા અને સામુહિક આરોગ્ય કેન્દ્રની ઓચિંતી મુલાકાત લીધી હતી. કલેકટરશ્રીએ શાળાનાં પ્રત્યેક વર્ગ ખંડ, શાળા પરિસર, શાળાની માળખાગત સવલતોની ઝીણવટભરી તપાસ કરી હતી. કલેકટરશ્રીએ પ્રાથમિક શાળામાં ઈ-કે.વાય.સી. કામગીરીનું નિરીક્ષણ સાથે શાળાનાં શિક્ષકો પાસેથી શાળાની વ્યવસ્થા, શિક્ષણની પધ્ધતિ, શાળામાં આધુનિક શિક્ષણ માટે કોમ્પ્યુટર સહિતનાં ઉપકરણોની ઉપયોગિતા સહિતની વિગતો મેળવી હતી. ઉપરાંત ભેસાણ તાલુકા આરોગ્ય કેન્દ્રમાં કરવામાં આવતી સારવાર, આરોગ્યલક્ષી સેવા સાથે સંકળાયેલ તબીબો અને સ્ટાફ, દવાઓની ઉપલબ્ધિ, વાહક રોગનાં કિસ્સાઓ બને ત્યારે હોસ્પિટલ દ્વારા કરવામાં આવનારી કામગીરીની પૂર્વ તૈયારી, પાણીજન્ય રોગો અને બેકટેરિયા, વાયરસ અને મચ્છરજન્ય રોગોની સારવાર સહિતની તલસ્પર્શી વિગતો હોસ્પિટલનાં તબીબશ્રીએ જણાવી હતી. આરોગ્ય સેવા પૂરી પાડતા હોસ્પિટલનાં વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. દવાઓના પૂરતો જથ્થો ઉપલબ્ધ છે કે નહીં તેનું નિરીક્ષણ કર્યુ હતું. તેમજ હોસ્પિટલ ખાતે ઘટતું શું થઈ શકે તે માટે તેમણે આરોગ્ય તંત્રને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

જૂનાગઢની કોર્ટમાંથી ૨૦ વર્ષની સજા સાંભળી નાસી છુટવાની કોશિષ કરનાર

# પોક્સોના આરોપીને ઝડપી લેવામાં સમયસુચકતા દાખવનાર બહાદુર મહિલા લોકરક્ષકનું પુરસ્કાર અને પ્રશંસાપત્ર આપી સન્માન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

વડાલના અલ્તાફ સલીમભાઈ ઠેબા નામના શખ્સ સામે જૂનાગઢના તાલુકા પોલીસ સ્ટેશનમાં એક સગીરાને ભગાડી જઈ તેના પર દુષ્કર્મ આચર્યાનો ગુનો નોંધાયો હતો. જોકે, આ બનાવમાં જો પોતે ફરિયાદ નોંધાવશે તો દીકરીની સમાજમાં બદનામી થશે એ ડરથી પિડિતાના પરિવારે ફરિયાદ મોડી નોંધાવી હતી. આ અંગેનો કેસ ચાલી જતાં જૂનાગઢની સ્પેશિયલ પોક્સો કોર્ટના ચોથા એડીશનલ સેશન્સ જજ બીના



સી. ઠક્કરે સરકારી વકીલ નિરવ પુરોહિતની દલીલોને માન્ય રાખી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને જુદી જુદી કલમો હેઠળ કુલ રૂા.૧૨,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. આ સાથે કોર્ટે પિડિત સગીરાને વળતર રૂ. ૨ લાખ ચૂકવવાનો હુકમ પણ કર્યો હતો. ચૂકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે, કોઈ બાળક સાથે આવા પ્રકારનો અત્યાચાર થયેલ હોય ત્યારે ભોગ બનનારના માનસ ઉપર આવા ગુનાની ખુબજ ગંભીર અસર પડે છે. જોકે, ૨૦ વર્ષની સજા સાંભળ્યા બાદ દુષ્કર્મીને જેવો ફીંગર પ્રિન્ટ લેવા માટે લઈ જવાતો હતો ત્યારે તેણે કોર્ટ સંકુલમાં દોટ મૂકી હતી. આથી દેકારો થતાં ફરજ પરના તમામ પોલીસ, વકીલો સહિતના એલર્ટ મોડ ઉપર આવી ગયા હતા. જેમાંથી એક વકીલે અને મહિલા લોકરક્ષકના હાથમાં તે ઝલાઈ ગયો હતો. કોર્ટ સંકુલમાં ભાગેલો દુષ્કર્મ કેસમાં પોક્સોનો આરોપી અલ્તાફ સલીમ ઠેબાને કોર્ટમાં ફરજ પરના મહિલા લોકરક્ષક ભારતીબેન વૈશ્યએ સમય સૂચકતા વાપરી બહાદુરીથી પકડી લેતા એસપી હર્ષદ મહેતાએ ભારતીબેનને કચેરી ખાતે બોલાવી રૂપિયા ૧૦૦૦નું રોકડ ઈનામ અને પ્રશંશાપત્ર આપી અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢમાં વણઝારી ચોક ખાતે આવેલા ગેબનશાપીર બાપુના ઉર્ષની ભાવભેર ઉજવણી થશે

(નિલેશ નથવાણી દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરમાં વણઝારી ચોક વિસ્તારમાં આવેલા ગેબનશાપીર બાપુના ઉર્ષની ઉજવણી કરવામાં આવનાર છે. કોમી એકતાના પ્રતિક સ્વરૂપ ગેબનશાપીર ઉપર આસ્થા ધરાવતા હિન્દુ-મુસ્લીમ ભાઈ-બહેનો દરરોજ દર્શનાર્થે આવતા હોય છે અને સમાજને એક કોમી એકતાનો સંદેશ પુરો પાડે છે. આસ્થાના પ્રતિક ગેબનશાપીર બાપુના ઉર્ષની આગામી તા.૨૮-૯-૨૦૨૪ના રોજ ઉજવણી કરવામાં આવનાર છે. આ તકે ન્યાઝ અને પ્રસાદી લેવા સર્વે ધર્મપ્રેમી હિન્દુ-મુસ્લીમ ભાઈ-બહેનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શનિવારે રાત્રે નમાઝ બાદ મિલાદ પાર્ટી અને મજીદ શોલેની કવ્વાલીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. દરગાહના મુજાવર ખાદીમ નજીમ બાપુ, તેસીન બાપુ તેમજ રઈશ બાપુ તરફથી સર્વે ભાઈ-બહેનોને બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# જૂનાગઢમાં આવતીકાલે ત્રણ સંતોના વરસી ઉત્સવની ઉજવણી થશે

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢમાં સંઘાડીયા બજાર ખાતે આવેલા વાસુરામ સાહેબ મંદિરના ગાદીપતી મહંતશ્રી ગુરૂમુખદાસ વાસવાણીની એક યાદી જણાવે છે કે, આવતીકાલે પરમપૂજય શ્રી સાંઈ વાસુરામ સાહેબ, શ્રી પૂજય સંતશ્રી તેજુરામ સાહેબ, ભાઈસાહેબ ભગવાનદાસ સાહેબના વરસી ઉત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવશે. આ અવસર અંગે સર્વ સિન્ધી સમાજ સાદસંગતને જાણ કરવામાં આવે છે કે, દર વર્ષની જેમ આ વર્ષે આવતીકાલ તા.૨૭-૦૯-૨૦૨૪ શુક્રવારના રોજ સંઘાડીયા બજારમાં આવેલ ગુરૂનાનક મંદિર, જૂના મંદિર જૂનાગઢ ખાતે સંતોની વરસી ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આવતીકાલે તા.૨૭-૦૯-૨૦૨૪ શુક્રવારના રોજ સાંજે ૬ થી ૭ શ્રી સુખરામજી સાહેબનો પાઠ સાહેબ થશે સાંજના ૭ થી ૯ રાજકોટવાળા ભગતશ્રી ઉતમચંદ તથા રાજા વનવાણીનો પ્રોગ્રામ થશે. ત્યાર બાદ શ્રી ગુરૂગ્રંથ સાહેબનો ભોગ સાહેબ તથા આરતી થશે ત્યાર બાદ પ્રસાદી તથા સર્વ સાદસંગત માટે આમ ભંડારાનું આયોજન કરેલ છે. તો આ વરસી ઉત્સવમાં સત્સંગ કથા કીર્તનનો લાભ લેવા વાસુરામ સાહેબ મંદીરના ગાદીપતી મહંતશ્રી ગુરૂમુખદાસ વાસવાણીની યાદીમાં જણાવેલ છે.

# 'મેક ઈન ઈન્ડિયા' પહેલ આજે ૧૦ વર્ષની થઈ!

અમદાવાદ તા.૨૬

આજે તમારામાંના દરેકને સલામ કરવાનો પ્રસંગ છે જેમણે આ પહેલને ધમાકેદાર સફળતા આપી છે. તમારામાંના દરેક એક અગ્રણી, સ્વપ્નદ્રષ્ટા અને સંશોધક છે, જેમના અથાક પ્રયત્નોએ 'મેક ઈન ઈન્ડિયા'ની સફળતાને વેગ આપ્યો છે અને આ રીતે આપણા રાષ્ટ્રને વૈશ્વિક ધ્યાન તેમજ ઉત્સુકતાનું કેન્દ્ર બનાવ્યું છે. તે સામૂહિક અભિયાન છે, પ્રકૃતિમાં અવિરત, જેણે એક સ્વપ્નને એક શક્તિશાળી ચળવળમાં પરિવર્તિત કર્યું છે. 'મેક ઈન ઈન્ડિયા'ની અસર દર્શાવે છે કે ભારત અણનમ છે.

આ એક મહત્વાકાંક્ષી ધ્યેય સાથે દસ વર્ષ પહેલાં શરૂ કરાયેલો પ્રયાસ હતો - ઉત્પાદન ક્ષેત્રે ભારતની પ્રગતિને વધારવા માટે, તે સુનિશ્ચિત કરવા માટે કે આપણું એક પ્રતિભાશાળી રાષ્ટ્ર માત્ર આયાતકાર નહીં પણ નિકાસકાર પણ છે.

આ પાછલા દાયકા પર ચિંતન કરતાં, ૧૪૦ કરોડ ભારતીયોની શક્તિ અને કૌશલ્યએ આપણને કેટલું આગળ ધપાવ્યું છે તેના પર હું ગર્વની ભાવનાથી ભરી શકતો નથી. 'મેક ઈન ઈન્ડિયા'ની છાપ તમામ ક્ષેત્રોમાં દેખાઈ રહી છે, જેમાં એવા ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે જ્યાં આપણે ક્યારેય પ્રભાવ પાડવાનું સ્વપ્ન પણ જોયું ન હતું. ચાલો હું એક અથવા બે ઉદાહરણ આપું. મોબાઈલ મેન્યુફેક્ચરિંગપઆપણે જાણીએ છીએ કે મોબાઈલ ફોન હવે કેટલા મહત્વપૂર્ણ બની ગયા છે, પરંતુ ચોંકાવનારી વાત એ છે કે ૨૦૧૪માં આખા દેશમાં અમારી પાસે માત્ર બે મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટ હતા. આજે, તે સંખ્યા વધીને ૨૦૦ થી વધુ થઈ ગઈ છે. અમારી મોબાઈલ નિકાસ માત્ર ૧,૫૫૬ કરોડથી વધીને ૧.૨ લાખ કરોડ થઈ ગઈ છે – જે મનને આશ્ચર્યજનક ૭૫૦૦% વધારે છે! આજે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯% મોબાઈલ ફોન મેડ ઈન ઈન્ડિયા છે. અમે વૈશ્વિક સ્તરે બીજા નંબરની સૌથી મોટી મોબાઈલ ઉત્પાદક બની ગયા છીએ. અમારા સ્ટીલ ઉદ્યોગને જુઓ - અમે ફિનિશ્ડ સ્ટીલના ચોખ્ખા નિકાસકાર બની ગયા છીએ, ૨૦૧૪ થી ઉત્પાદનમાં ૫૦% થી વધુ વધારો થયો છે. અમારા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સેક્ટરે ૧.૫ લાખ કરોડથી વધુના મૂડીરોકાણને આકર્ષ્યા છે, જેમાં પાંચ પ્લાન્ટ મંજૂર થયા છે જેની સંયુક્ત ક્ષમતા દરરોજ ૭ કરોડથી વધુ ચિપ્સની હશે! રિન્યુએબલ એનર્જીમાં, આપણે વૈશ્વિક સ્તરે ચોથા સૌથી મોટા ઉત્પાદક છીએ, માત્ર એક દાયકામાં ક્ષમતા ૪૦૦% વધી છે. અમારો ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગ, ૨૦૧૪ માં વ્યવહારીક રીતે અસ્તિત્વમાં ન હતો, તે હવે ૩ બિલિયનનું મૂલ્ય ધરાવે છે. સંરક્ષણ ઉત્પાદનની નિકાસ ૧,૦૦૦ કરોડથી વધીને ૨૧,૦૦૦ કરોડ થઈ છે, જે ૮૫થી વધુ દેશો સુધી પહોંચી છે.

એક 'મન કી બાત' કાર્યક્રમ દરમિયાન, મેં રમકડાં ઉદ્યોગની ગતિશીલતાની જરૂરિયાત વિશે વાત કરી હતી અને આપણા લોકોએ બતાવ્યું કે તે કેવી રીતે થાય છે! વર્ષોથી, અમે નિકાસમાં ૨૩૯% નો વધારો જોયો છે, આયાત અડધી થઈ ગઈ છે, ખાસ કરીને અમારા સ્થાનિક ઉત્પાદકો અને વિક્રેતાઓને ફાયદો થયો છે, નાના બાળકોનો પણ ઉલ્લેખ નથી!,

આજના ભારતના ઘણા ચિહ્નો—આપણી વંદે ભારત ટ્રેનો, બ્રહ્મોસ મિસાઈલો અને આપણા હાથમાં મોબાઈલ ફોન – બધા ગર્વથી મેક ઈન ઈન્ડિયા લેબલ ધરાવે છે. ઈલેક્ટ્રોનિક્સથી લઈને અવકાશ ક્ષેત્ર સુધી, તે ભારતીય ચાતુર્ય અને ગુણવત્તાનું પ્રતિનિધિત્વ કરે છે.


મેક ઈન ઈન્ડિયા પહેલ પણ ખાસ છે કારણ કે તેણે ગરીબોને મોટા સપના જોવા અને મહત્વાકાંક્ષા જોવાની પાંખો આપી છે- તેનાથી તેમને વિશ્વાસ મળ્યો છે કે તેઓ સંપત્તિ સર્જકો બની શકે છે. MSME સેક્ટર પરની અસર પણ એટલી જ નોંધપાત્ર છે. સરકાર તરીકે, અમે આ ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારો દાયકા લાંબો ટ્રેક રેકોર્ડ પોતાના માટે બોલે છે. પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ્સ ગેમ ચેન્જર્સ છે, જે હજારો કરોડના રોકાણને સક્ષમ કરે છે અને લાખો નોકરીઓનું સર્જન કરે છે. અમે બિઝનેસ કરવાની સરળતામાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે.

આજે ભારતની તરફેણમાં ઘણું બધું થઈ રહ્યું છે- આપણે લોકશાહી, વસ્તી અને માંગનું સંપૂર્ણ મિશ્રણ છીએ. અમારી પાસે વૈશ્વિક પુરવઠા શૃંખલામાં મુખ્ય ખેલાડી બનવા માટે જે જરૂરી છે તે છે, જેને વ્યવસાય માટે વિશ્વસનીય ભાગીદાર તરીકે જોવામાં આવે છે. અમારી પાસે સૌથી અસાધારણ યુવા શક્તિ પણ છે, જેની સ્ટાર્ટઅપ વિશ્વમાં સફળતા દરેકને જોવા જેવી છે.

આમ, ગતિ સ્પષ્ટપણે ભારતની તરફેણમાં છે. વૈશ્વિક રોગચાળા જેવા અભૂતપૂર્વ પડકારોનો સામનો કરવા છતાં, ભારત વિકાસના પાટા પર મક્કમપણે ટકી રહ્યું છે. આજે આપણને વૈશ્વિક વિકાસના પ્રેરક તરીકે જોવામાં આવે છે. હું મારા યુવા મિત્રોને મેક ઈન ઈન્ડિયાને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે આવો અને અમારી સાથે જોડાવા આહ્વાન કરું છું. આપણે બધાએ શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવો જોઈએ. ગુણવત્તા પહોંચાડવી એ આપણી પ્રતિબદ્ધતા હોવી જોઈએ.. ઝીરો ડિફેક્ટ આપણો મંત્ર હોવો જોઈએ.

સાથે મળીને, આપણે એવા ભારતનું નિર્માણ કરવાનું ચાલુ રાખી શકીએ જે માત્ર તેની પોતાની જરૂરિયાતો જ નહીં પરંતુ વિશ્વ માટે ઉત્પાદન અને નવીનતાના પાવરહાઉસ તરીકે પણ કામ કરે.

# પ્રાચી તીર્થના પત્રકાર જાદવભાઈ ચુડાસમાના લાડકવાયા પુત્ર સત્યમભાઈનો આજે જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૬

પ્રાચી તીર્થના પત્રકાર અને ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન અને આંખના કેમ્પના આયોજક જાદવભાઈ ચુડાસમાના લાડકવાયો પુત્ર સત્યમભાઈનો આજે જન્મદિવસ છે. સત્યમભાઈ આજે ૧૩ વર્ષ પૂર્ણ કરી ૧૪માં વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ વરિષ્ટ પત્રકાર અને ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન અને આંખના કેમ્પના આયોજક અને સામાજિક કાર્યકર કે જેવો હંમેશા પ્રજાના પ્રાણ પ્રશ્નોને સમાચારના માધ્યમથી ઉજાગર કરનાર જાદવભાઈ ચુડાસમાનો લાડકવાયો પુત્ર સત્યમભાઈનો જન્મદિવસ છે આજે તેમના જન્મદિવસ નિમિત્તે શુભકામનાઓ વર્ષા થઈ રહ્યો છે. આજે જન્મદિવસના શુભદિવસે તેમના મંગલજીવન તથા દીર્ઘાયુ તથા નિરામય સ્વાસ્થ્યની માં ગાયત્રી તથા પરમ પૂજ્ય ગુરૂદેવ પાસેથી સાંજે દિપ યજ્ઞના માધ્યમથી પ્રાર્થના કરી ભારતીય સંસ્કૃતિ અનુરૂપ ઉજવણી કરવામાં આવશે અને સાથે સાથે પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષ વાવીને સંદેશ આપશે. તેમાં પપ્પા જાદવભાઈ, મમ્મી પ્રજ્ઞાબેન, કાકા પ્રેસ એન્ડ મીડિયા રિપોર્ટર શૈલેષભાઈ વાળા, બહેન વિશ્વેશ્વરીબેન, ભુવનેશ્વરીબેન, પ્રતીક્ષાબેન તેમજ ગાયત્રી પરિવારજનોએ વડીલોએ સત્યમભાઈને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **રઝાક હુસેન હાલા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **અબ્દુલરઝાક હુસેનભાઈ હાલા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**અબ્દુલરઝાક હુસેનભાઈ હાલા**

નૂર મંઝીલ, મેમણવાડા, મટીયાણા હાઉસની બાજુમાં,

જૂનાગઢ - ૩૬૨૦૦૧


## એશિયાઈ સિંહોના રક્ષણ માટે કેન્દ્રનો મહત્વનો નિર્ણય

# ગીર રક્ષિત વિસ્તારના આજુબાજુનો કુલ ૧.૮૪ લાખ હેક્ટર વિસ્તાર 'ઈકો-સેન્સિટિવ ઝોન' ઘોષિત

## હાલમાં ગીર રક્ષીત વિસ્તારની હદથી ૧૦ કિ.મી. વિસ્તારનો 'ઈકો-સેન્સિટિવ ઝોન'માં સમાવેશ થતો હતો

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના ગૌરવ સમાન 'એશિયાઈ સિંહ' વર્ષોથી એશિયા ખંડમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના 'ગીર રક્ષિત વિસ્તાર'માં વસવાટ કરતા જોવા મળે છે ત્યારે આ સિંહો તેમજ વન્ય પ્રાણીઓના જતન માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. એશિયાઈ સિંહોના રક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર તેમજ ગુજરાત સરકાર દ્વારા ટેકનોલોજીની મદદથી સતત અનેકવિધ નવીન પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના વિશેષ પ્રયાસોથી કેન્દ્ર સરકાર દ્વારા 'ગીર રક્ષિત વિસ્તાર'ના આજુબાજુનો કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારને 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલ ઈકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર બાબતે સૌથી ઓછામાં ઓછુ ૨.૭૮ કિ.મી. અને વધુમાં વધુ ૯.૫૦ કિ.મી. રાખવામાં આવ્યું છે. તેમ,વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં જોવા મળતા એશિયાઈ સિંહ સહિત દેશભરમાં પ્રાણીઓના રક્ષણ અને સંવર્ધન માટે વિવિધ કાયદા અમલી બનાવ્યા છે તેમ, જણાવી વન મંત્રી મુળુભાઈએ કહ્યું હતું કે, નવીન 'ઈકો-સેન્સિટિવ ઝોન' વિસ્તારમાં કુલ ૧૭ નદીઓના રીવર કોરીડોર અને સિંહોના અવર-જવર વાળા ૪ મહત્વના કોરીડોરને આવરી લેવામાં આવશે. વધુમાં ગીર રક્ષીત વિસ્તારની આજુબાજુ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ, વિસાવદર, માળીયા હાટીના અને મેંદરડા તાલુકાના મળી કુલ-૫૯ ગામો, અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને સાવરકુંડલા તાલુકાના મળી કુલ-૭૨ ગામો તથા ગીર-સોમનાથ જિલ્લાના ઉના, ગીર-સોમનાથ, કોડીનાર અને તાલાલા તાલુકાના મળી કુલ-૬૫ ગામો એમ આ ત્રણેય જિલ્લાના કુલ-૧૯૬ ગામોના ૨૪,૬૮૦.૩૨ હેક્ટર વન વિસ્તાર તથા ૧,૫૯,૭૮૫.૮૮ હેક્ટર બિન-જંગલ વિસ્તાર એમ મળી કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારનો સમાવેશ થશે. આ વિસ્તારનો ઈકો-સેન્સિટિવ ઝોનમાં સમાવેશ થવાથી આ વિસ્તારમાં વિહરતા સિંહ પરિવારોને વિશેષ રક્ષણની સાથે




અત્યાર સુધી ગીર રક્ષીત વિસ્તારની હદથી ૧૦ કિલોમીટરની ઈકો-સેન્સીટીવ ઝોન વિસ્તારની હદમાં આ નવા ઈકો-સેન્સીટીવ ઝોનમાં ઘટાડો થવાથી સ્થાનિકે અન્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં સિંહ અને વન્યપ્રાણીઓ માટે ગીર નેશનલ પાર્ક, ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્યનો કુલ-૧,૪૬૮.૧૬ ચો.કિ.મી. વિસ્તાર આરક્ષિત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર અને નામદાર સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન-નિયમ મુજબ આ રક્ષિત વિસ્તારની ફરતે 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવાનો થતો હોય છે, જે રક્ષિત વિસ્તારને ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર ન થાય ત્યાં સુધી ગાઈડલાઈન મુજબ રક્ષિત વિસ્તારની ફરતે ૧૦ કિ.મી. ઈકો-સેન્સિટિવ ઝોન અમલમાં રહે છે. જેથી અત્યાર સુધી આ વિસ્તારને ફરતે ૧૦ કિ.મી. સુધી ઈકો-સેન્સિટિવ ઝોન અમલમાં હતો. સિંહોના રક્ષણ માટે ગીર નેશનલ પાર્ક, ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્યના ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર કરવાની રાજ્યના વન વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત સાદર કરવામાં આવેલ હતી. આ દરખાસ્તને ગ્રાહ્ય રાખી ભારત સરકાર દ્વારા તાજેતરમાં ઈકો-સેન્સિટિવ ઝોનનું પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. રાજ્ય મંત્રી મુકેશભાઈએ ઉમેર્યું હતું કે, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ગીર રક્ષિત વિસ્તારની ફરતે આવેલા ગામોમાં છેલ્લા ૧૦ વર્ષોની સિંહોની અવર-જવરની રેડિયો કોલર આધારીત વિગતો, સિંહ દ્વારા કરવામાં આવતા મારણ, સિંહોના અવર-જવરના મહત્વના કોરીડોર તથા રીવર કોરીડોર જેવા વિસ્તારને આવરી લઈ ગીર રક્ષિત વિસ્તારને નવો ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

### ઈકો-સેન્સિટિવ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર

- ગીર રક્ષિત વિસ્તારના ફરતે ત્રણ જિલ્લાના કુલ ૧૯૬ ગામ તેમજ ૧૭ નદીઓને સમાવી લેવાઈ
- નવીન ઝોનમાં જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારનો સમાવેશ
- નવીન ઝોનમાં ૨૪ હજાર હેક્ટરથી વધુ વન વિસ્તાર તેમજ ૧.૫૯ લાખ હેક્ટર બિન જંગલ વિસ્તારનો સમાવેશ

# જૂનાગઢ જીલ્લા ક્રિકેટ એશો. દ્વારા સૌરાષ્ટ્ર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ માટે સિલેક્સન કરવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ જિલ્લા ક્રિકેટ એસોસિએશન પ્રમુખ પાર્થ કોટેચા અને સિલેક્ટર કમલ ચાવડાની યાદી જણાવેલ છે કે, જૂનાગઢ જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા જૂનાગઢ જિલ્લાના અંડર-૧૬ અને અંડર -૧૯ ૨૦૨૫-૨૬ માટે અંડર-૧૬ અને અંડર-૧૯ ખેલાડીઓનું ૨૦૨૫-૨૬ માટે "સૌરાષ્ટ્ર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટ" માટે સિલેક્સન રાખવામાં આવનાર છે તો બધા ખેલાડીઓએ તારીખ ૩ ઓક્ટોબર સુધીમાં કોચ ભરતભાઈ બઢ પાસેથી રજીસ્ટ્રેશન ફોર્મ મેળવી લેવું અને સિલેક્સન માટે નામ નોંધણી કરાવી લેવું. રજીસ્ટ્રેશન થયા બાદ બધા ખેલાડીઓને મેચ રમાડીને આગળના મેચ માટે સિલેકસન કરવામાં આવશે. જરૂરી ડોક્યુમેન્ટમાં (મંગાવવામાં આવે ત્યારે આપવા, હાલ ફોર્મ ભરી આપવું) ૧. જન્મ પ્રમાણ પત્ર નગરપાલિકા/ ગ્રામ પંચાયત (ઓરીજનલ), ૨.બોના ફાઈડ (જન્મ તારીખ અને ફોટો સાથે), ૩.આધાર કાર્ડ, ૪. છેલ્લા ત્રણ વર્ષની માર્કશીટ (બધા ડોક્યુમેન્ટની ૨-૨ ઝેરોક્ષ કોપી સાથે રાખવી તેમજ પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા સાથે રાખવા.) વધુ માહિતી માટે ભરતભાઈ બઢ મો.૮૭૯૯૧ -૯૩૧૩૧નો સંપર્ક કરવા જણાવેલ છે.

# બગડુ ગામે સમૂહ લગ્નના પ્રણેતા હરસુખભાઈ વઘાસીયાના પેટ્રોલપંપની કૃષિ મંત્રીએ શુભેચ્છા મુલાકાત લીધી

## સ્થાનિક લોકોના પ્રશ્નો સાંભળ્યા અને તેનું નિરાકરણ કરવાની ખાતરી આપી



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૬

મેંદરડા તાલુકાના સમૂહ લગ્નના પ્રણેતા અને સોરઠના સામાજીક અગ્રણી હરસુખભાઈ વઘાસિયા અને મથુરભાઈ ગોંડલીયાના રૂદ્ર પેટ્રોલ પંપ ખાતે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે મોટી સંખ્યામાં મિત્ર મંડળ અને અગ્રણીઓ અને આજુબાજુ ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલનું હરસુખભાઈએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. કૃષિ મંત્રીને મળવા માટે આજુબાજુ ગામના સરપંચો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કૃષિલક્ષી પ્રશ્નો સાંભળીને તેનું નિરાકરણ કરવાની પણ ખાતરી આપી હતી. આ તકે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠીયા, અરવિંદભાઈ લાડાણી, કેતનભાઈ ધોણીયા અને દિનેશભાઈ મેતર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગૌતમ અદાણીની બોમ્બાર્ડિયરના ચીફ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

## ઉડ્ડયન સેવાઓ અને ડિફેન્સ સેક્ટર અંગે ચર્ચા, 'આત્મનિર્ભર ભારત' માટે સિનર્જી



અમદાવાદ, તા.૨૬

અદાણી ગ્રૂપના સ્થાપક અને ચેરમેન ગૌતમ અદાણી અને બોમ્બાર્ડિયર ઈન્કના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર **(CEO)** એરિક માર્ટેલ વચ્ચે ખાસ મુલાકાત યોજાઈ હતી. મંગળવારે થયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં ભારતની ઉડ્ડયન ક્ષમતાઓને વધારવાના હેતુથી ટ્રાન્સફોર્મેટીવ પાર્ટનરશીપ અંતર્ગત વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. જેમાં ડિફેન્સ સેક્ટર, ઉડ્ડયન સેવાઓ, તેની જાળવણી, સમારકામ સહિતના વિષયો અંગે ચર્ચા થઈ હતી. ગૌતમ અદાણીએ એરિક માર્ટેલના સાથેની મુલાકાત વિશે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ માઈક્રો-બ્લોગિંગ વેબસાઈટ પરની પોસ્ટમાં એરીક માર્ટેલ સાથે થયેલી ચર્ચાઓ અંગે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.ભારતના ઉડ્ડયન ક્ષેત્રનીવૃદ્ધિને વેગ આપવા તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે,"એક સાથે મળીને અમે મજબૂત અને આત્મનિર્ભર ભારત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.."

ભારત વિદેશી સ્ઈ (મેન્ટેનન્સ, રિપેર, ઓવરહોલ)સેવાઓ ઉપર નિર્ભરતા ઘટાડવા સતત પ્રયાસો કરી રહ્યું છે.જેમાં એરલાઈન્સ સામે વધુ ઓપરેશનલ ખર્ચ અને તેના માટે વધુ સમય લેતી સેવાઓ જેવા પડકારો સામેલ છે. ગૌતમ અદાણીએ આ પડકારોને ધ્યાને લઈ મજબૂત સ્થાનિક **MRO** ઈકોસિસ્ટમ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અદાણી ગ્રૂપની પેટાકંપની અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ સંરક્ષણ અને ઉડ્ડયન ક્ષેત્રો નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે. કંપનીની વેબસાઈટ અનુસાર, તે વૈશ્વિક સ્તરે અત્યાધુનિક સંરક્ષણ, એરોસ્પેસ અને સુરક્ષા ઉકેલો લાગુ કરીને ભારતની સૈન્ય ક્ષમતાઓ વધારવા માટે પ્રતિબદ્ધ છે. તેઓ 'આત્મનિર્ભર ભારત' પહેલને અનુરૂપ વિશ્વ-કક્ષાના ઉચ્ચ-તકનીકી સંરક્ષણ ઉત્પાદનના હબ તરીકે ભારતને વિકસાવવાનો હેતુ ધરાવે છે.

સ્થાનિક **MRO** સેવા ક્ષમતાઓ વિકસાવવાથી એરલાઈન્સનો ઓપરેશનલ ખર્ચ ઘટશે, ટર્નઅરાઉન્ડ ટાઈમ ઝડપી બનશે અને એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ અને સેવાઓમાં ભારત હબબની ઉભરી શકે છે.એટલુ જ નહીં, વિદેશી સેવા પ્રદાતાઓ પરની નિર્ભરતા ઘટશે અને ઉડ્ડયન સંબંધિત ક્ષેત્રોમાં સ્વદેશીને વધુ પ્રોત્સાહન મળશે.

વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્રે જાણીતી કંપની બોમ્બાર્ડિયરએરક્રાફ્ટ ડિઝાઈન અને ઉત્પાદનમાં વિશેષ કુશળતા ધરાવે છે. 'ચેલેન્જર' અને 'ગ્લોબલ' એરક્રાફ્ટ માટે જાણીતીબોમ્બાર્ડિયરેનવીનતા અને વિશ્વસનીયતા માટે આગવી પ્રતિષ્ઠા ઊભી કરી છે. કંપનીના ઉત્પાદનોનો ઉપયોગ નાગરિક અને લશ્કરી કામગીરીમાં વ્યાપકપણે થાય છે. કંપની પાસે વિશેષ-મિશન ભૂમિકાઓ માટે ઉકેલો વિકસાવવાનો અનુભવ પણ છે.

# રાજકોટમાં રૂા. ૩૦૦ કરોડનાં ખર્ચે ૫૦૦૦ વડીલો માટેનું વિશ્વનું સૌથી મોટું નિશુલ્ક સદભાવના વૃધ્ધાશ્રમ આકાર લેશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૬

રાજકોટ-જામનગર હાઈવે ઉપર રામપર ખાતે "માતૃદેવો ભવ પિતૃદેવો ભવ"ની ભાવના ચરિતાર્થ કરવા માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના સેવાભાવી અને દાનવીર લોકોના સહયોગથી ભારતનાં સૌથી મોટો સદભાવના વૃધ્ધાશ્રમ'ના નવા પરિસરનું ૩૦ એકર જગ્યામાં નિર્માણ થવા જઈ રહ્યું છે. આ વૃધ્ધાશ્રમ બનાવવાનો ખર્ચ અંદાજે રૂા. ૩૦૦ કરોડ છે. જેમાં ૧૧ માળના ૭ નવા બિલ્ડિંગમાં ૫૦૦૦ નિરાધાર, પથારીવશ, બીમાર વડીલો માટે ૧૪૦૦ રૂમ તૈયાર કરવામાં આવશે. આ સંદર્ભે રાજકોટમાં ૨૩ નવેમ્બર થી ૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી પરમ પૂજય સંત મોરારીબાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. હિન્દુ ધર્માચાર્ય મહાસભાના આંતરરાષ્ટ્રીય કન્વીનર અને મહામંત્રી તેમજ શ્રી શિવાનંદ આશ્રમ અમદાવાદના અધ્યક્ષ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંરક્ષક પરમ પૂજ્ય પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં "માતૃદેવ ભવ" -પિતૃ દેવો ભવ" આવી ભાવનાનો પણ ાસ થયો છે, જેથી અનાથ, નિરાધાર, જેનું કોઈ નથી એવા વડીલોની સેવામાં વધુને વધુ લોકો જોડાતા રહે એ આજના સાંપ્રત સમયની માંગ છે. છેલ્લા કેટલાક વર્ષોથી -ઓછા બાળ જય ગોપાલ"ની માનસિકતાના લીધે કુટુંબમાં બાળકોની સંખ્યા ઘટી ગઈ છે. તદુપરાંત સંયુક્ત કુટુંબો રહ્યા નથી આવા કારણોને લીધે સમાજના બધા જ સ્તરના વડીલો માટે વૃધ્ધાવસ્થા બહુ જ પીડાજનક બને છે. સમાજમાં પૈસાવાળા હોય કે દિકરા દિકરી વિદેશ પરણ્યા હોય કે પછી પોતાનું વતન છોડી વ્યવસાય અર્થે ભારતના કોઈપણ ખૂણે રહેતા હોય એવા સમયે પરના વડીલો નિરાધાર થઈ જાય છે. આમ જોવા જઈએ તો સૌથી કફોડી સ્થિતિ શ્રમીક વર્ગની છે, જેવા કે રીક્ષાવાળા, થેલાવાળા, મજુર, ધરકામ કરતી બાઈઓ, આયાબહેની વગેરેની સ્થિતિ કફોડી ત્યારે થાય છે જ્યારે તેઓ શારીરીક રીતે કંઈ કરી શકતા ન હોય સમાજના આવા લોકોની સ્થિતિ જોઈને તેમના પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈને સદભાવના વૃધ્ધાશ્રમની શરૂઆત કરવામાં આવી છે. સદભાવના વૃધ્ધાશ્રમમાં બધા જ સ્વયંસેવકો નિષ્કામ ભાવે સેવા કરે છે. સદભાવના વૃધ્ધાશ્રમની સમગ્ર ટીમને સંસ્થામાં સેવા પામતા વૃદ્ધોના અંતરના આશીર્વાદ મળ્યા જેના લીપ સદભાવના સંસ્થાનો વિકાસ થયો. આજે ૬૫૦ જેટલા વૃધ્ધોની સેવા થઈ રહી છે જેમાં ૨૦૦ થી વધુ વડીલો તો પથારીવશ છે -ડાઈપર ઉપર છે, એટલે તેમને તૈયાર કરવા, કપડા બદલવા, ખવડાવવું આ બધુ કરવાવાળા કાર્યકર્તાઓ પણ નિષ્ઠાથી કામ કરે છે.

વડીલોના અંતરના આશીર્વાદ જે સંસ્થાને અવિરત મળ્યા કરે છે અને સમગ્ર ગુજરાતના તેમજ વિશેષ રીતે રાજકોટના ધર્મપ્રેમી સેવાભાવી દાતાઓના દાનની સરવણીને ધ્યાનમાં રાખી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ હવે રાજકોટ જામનગર હાઈવે ઉપર રામપર ખાતે ૩૦ એકર જમીનમાં- ૫૦૦૦ જેટલા વૃધ્ધો રહી શકે તેવા ૧૪૦૦ રૂમોવાળા એક વિશાળ વૃધ્ધાશ્રમનું નિર્માણ કરવા જઈ રહ્યું છે. આ વૃધ્ધાશ્રમ અંદાજે આવતા બે વર્ષમાં પૂર્ણ કરવા માટે સંસ્થા સાથે જોડાયેલા સંસ્થાના કાર્યકરો અવિરત મહેનત કરી રહ્યા છે. આ વૃધ્ધાશ્રમમાં મંદિર, અન્નપૂર્ણા ગૃહ, પુસ્તકાલય, કસરતના સાધનો યોગ રૂમ, દવાખાનું ગાર્ડન, કોમ્યુનીટી હોલ, બાગ બગીચા સહિતની અદ્યતન તમામ સુવિધા પરિસરમાં જ મળી રહેશે. સમગ્રપણે ન ભૂતો ન ભવિષ્યતિ પ્રકારનું દિવ્ય આયોજન કરવાની માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટની પ્રથાસ છે.

સદભાવના વૃદ્ધાશ્રમના પ્રમુખ વિજય ડોબરીયાએ જણાવ્યું હતું કે સદભાવના વૃધ્ધાશ્રમમાં સામાજીક કે શારિરીક રીતે અશકત હોય તેવા કોઈપણ ઉંમરના વ્યકિતઓને નાતજાત કે ધર્મના ભેદભાવ વગર, હરખબેર બાવકારવામાં આવે છે. જો કોઈ નિરાધાર, નિઃસંહાય, પથારીવશ કે બીમાર વ્યકિત ધ્યાનમાં આવે તો તેને સદભાવના વૃધ્ધાશ્રમ સુધી પહોંચાડી શકાય છે. નિસંતાન, નિરાધાર, અપરિણત અને પથારીવશ વડીલો જયારે પોતાનાં રયા સહયાં જીવનને અભિશાપ ગણી દિવસો વિતાવતા હોય તેવા એકલવાયા લોકો સદભાવના વૃધ્ધાશ્રમ પરીવારના સભ્ય અન્યા પછી આયખાના બાકી રહેલા દિવસો સુખ-શાંતિ અને હર્ષથી વિતાવતા, ચહેરા ઉપર સ્મિત ધારણ કરેલા જોવા મને છે જે સદભાવના વૃધ્ધાશ્રમ માટે સંતોષની ચરમસીમા સમું દશ્ય છે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પર્યાવરણ સરક્ષણ ભાગરૂપે માત્ર વૃક્ષારોપણ જ નહી. વૃક્ષોનું જતન અને ઉછેર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ વૃક્ષોનું પીજરા સાથે વાવેતર ગુજરાતમાં થઈ ચૂક્યુ છે તેમજ મીયાવાંકી જંગલોના માધ્યમથી ૭૦ લાખ વૃક્ષો સાથે ૪૦૦ ટેક્કર. ૪૦૦ ટ્રેકટર અને ૧૬૦૦ માણસનો પગારદાર સ્ટાફની મહેનતથી વાવવામાં આવ્યા છે.સમગ્ર ભારતમાં ૧૫૦ કરોડ વૃક્ષો વાવવાનો ઉછરવાનો સંસ્થાનો ધ્યેય છે.

સદભાવના વૃદ્ધાશ્રમના સલાહકાર મિત્તલ ખેતાણીએ જણાવ્યું હતું કે સદભાવના વૃધ્ધાશ્રમના લાભાર્થ રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃદ્ધો અને વડીલોના શુભાર્થે પૂ.મોરારિબાપુની વૈશ્વિક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમની ટીમ દ્વારા દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય પૂ. સદાનંદ સરસ્વતીજીનાં વૈશ્વિક રામકથાના આયોજન અંગે આશીવાદ મેળવાયા છે. બાગેશ્વરધામના પડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ રામકથાના આયોજનમાં નિમિત્ત આયોજકોને અભિનંદન આપ્યા છે. આ રામ કથામાં સ્વામી રામદેવ (પતંજલિ યોગવિદ્યાપીઠ)નાં સ્થાપક ખાસ હાજરી આપવાના છે. શાંતિકુંજ ગાયત્રી પરિવાર, હરિદ્વારના પ. પૂ. ડો. ચિન્મયાનંદજી મહારાજ, વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારજી પણ ખાસ ઉપસ્થિત રહેશે. વૈશ્વિક રામકથા ૨૩ નવેમ્બરથી શરૂ થઈને ૧ ડિસેમ્બર સુધી ચાલશે દરરોજ દેશ-વિદેશના ૧ લાખ લોકો વૈશ્વિક રામકથા શ્રવણ કરશે અને પ્રસાદ લેશે. આ વૈશ્વિક રામકથા સાથોસાથ સમાજોપયોગી અનેક સત્કર્મો કરવામાં આવશે. થેલેસેમીયા મુક્ત સમાજ બની શકે તે માટે કથામાં પધારેલા તમામ કથા ભાવિકોને થેલેસેમીયા, રકતદાન અંગેની માહિતી અપાશે, સમગ્રપણે નવેમ્બર મહિના દરમ્યાન ૨૫,૦૦૦ લોકો રક્તદાન કરશે તેવો એક અંદાજ છે. વૈશ્વિક રામકથા નિમિત્તે ૧ નવેમ્બરથી રાજકોટની આસપાસના અલગ અલગ વિસ્તારો, કોલેજો વગેરે સ્થળોએ વૈશ્વિક રામકથાને નિમિત્ત બનાવીને રક્તદાન કેમ્પ યોજાશે. કથા સંગે કથા પરિસર સ્થળે પણ રક્તદાન કેમ્પ યોજાશે. આખા ગુજરાતની તમામ સિવિલ હોસ્પિટલ અને બ્લડ બેંકને આમંત્રણ આપી દર્દીનારાયણ, દરિદ્રનારાયણ, થેલેસીમિયા પીડિત બાળકો માટે રક્તદાનની ઝોળી છલકાવવાનો નિમિત્ત પ્રયાસ છે. એક જ સમયે, એકજ સ્થળે એક સાથે તમામ વર્ગ-સ્તરના આબાલ વૃધ્ધ, ગરીબ-તવંગર સૌ કથા શ્રાવકો માટે 'હરિહર' નું આયોજન તમામ લોકોને મેસેજ, આમંત્રણ, માહિતી પહોંચે તેવા ઉમદા અને પવિત્ર આશયથી ૨૫ કિલોમીટર લાંબી એવી ભવ્ય આમંત્રણ રેલી નું આયોજન કરાશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# ભાગીદારીમાં ખાણ રાખવાની લાલચ આપીને ભાણવડના મહિલા સાથે રૂા.૧૩ લાખ જેટલી છેતરપિંડી : જામપરના શિક્ષણવિદ સામે ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬ ભાણવડ તાલુકાના નવાગામ ખાતે રહેતા એક મહિલાને શાળા સંચાલક દ્વારા ભાગીદારીમાં ખાણ રાખવા માટે પૈસાનું રોકાણ કરવા બાબતે વિશ્વાસમાં લઈ, કુલ રૂપિયા ૧૨.૯૧ લાખની છેતરપિંડી કરી, ધાક ધમકીઓ આપવા સબબ ધોરણસર ફરિયાદ નોંધાઈ છે. આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ભાણવડ તાલુકાના નવાગામ વાડી વિસ્તારમાં રહેતા અને આંગણવાડીમાં હેલ્પર તરીકે કામ કરતા મુમતાઝબેન સુલેમાનભાઈ ઘુઘા નામના ૩૮ વર્ષના મહિલાનો પુત્ર આ જ ગામના સાગર ચનાભાઈ છુછરની શાળામાં અભ્યાસ કરતો હતો. જેથી સાગર તથા મુમતાજબેન એકબીજાના પરિચયમાં હતા. આ દરમિયાન સાગરે ફરિયાદી મુમતાજબેનને જામજોધપુર તાલુકાના પરડવા ગામે ખાણમાં ભાગીદારીમાં ખાણમાં પૈસાની લાલચ આપી, તેણીનો વિશ્વાસ કેળવી લીધો હતો. આ પછી તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩ ના સમયગાળા દરમિયાન તેણીની પાસેથી રોકડ તેમજ ગોલ્ડ લોન સ્વરૂપે ટુકડે ટુકડે રોકડ રકમ તથા બેંક મારફતે રૂપિયા ૧૨,૯૧,૪૧૨ મેળવી લઈ આ પછી સુનિયોજિત છેતરપિંડીના ભાગરૂપે ફરિયાદી પાસેથી આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટા મેળવી અને કોરા કાગળ પર મુમતાઝબેનની સહીઓ પણ લઈ લીધી હતી. આ પછી ફરિયાદીએ આરોપી સાગર પાસેથી પોતાના રૂપિયા પરત લેવા માટેની માંગણી કરતા એણે પોતાની પાસે પૈસા ન હોવાનું કહી, તેના એક્સિસ બેંકના કુલ રૂપિયા ૯.૧૦ લાખના બે ચેક તેમજ અન્ય એક આસામી હલીમાબેનનો રૂપિયા પાંચ લાખનો ચેક આપ્યો હતો. જે ફરિયાદી મુમતાઝબેને બેંકમાં જમા કરાવતા આ ચેક રિટર્ન થયા હતા. આ પછી પણ આરોપી સાગરે ફરિયાદી મહિલાને એમને દેવાના થતા પૈસા બાબતે તેમને વિશ્વાસમાં રાખી અને તેમને આપવાની થતી રકમ ઉઘરાણી કરવા છતાં પરત આપી ન હતી. આટલું જ નહીં, ફરિયાદી મુમતાજબેને પૈસાની ઉઘરાણી કરવા તેમના ઘરે જતા તેમને ધાક ધમકી આપીને કાઢી મૂકી, લાકડાના ધોકા વડે માર મારવાની ધમકી પણ આપી હોવાનું વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે ભાણવડ પોલીસે મુમતાજબેન સુલેમાન ઘુઘાની ફરિયાદ પરથી છૂછર સાગર ચનાભાઈ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ ગુજરાત પોલીસ એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. કે.કે. મારૂ દ્વારા હાથ ધરવામાં આવી છે.

## તંત્રી લેખ

# ટ્રેનો ઉથલાવવાનાં કાવતરાં

ટ્રેનને પાટા પરથી ઉતારવાનાં ષડયંત્રો આજકાલ નજરે પડી રહ્યાં છે, જે નિંદનીય છે. ઉત્તર પ્રદેશના કાનપુરમાં રવિવારે મોડી રાત્રે પ્રયાગરાજ-ભિવાની કાલિંદી એક્સપ્રેસ પાટા પર મૂકેલ એલપીજી સિલિન્ડર સાથે ટકરાઈ, એ તો સારું થયું કે સિલિન્ડરમાં વિસ્ફોટ ન થયો. તેની સાથે પેટ્રોલ બોમ્બ પણ હતો. સિલિન્ડર ટકરાઈને દૂર ફેંકાઈ ગયો અને ટ્રેનને પાટા પરથી ઉતારવાનું કાવતરું નિષ્ફળ ગયું. પોલીસે પોતાના સ્તરે આ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને તે તેને મોટું કાવતરું માની રહી છે તો આશ્ચર્ય નહીં. પોલીસે કોઈપણ સ્થિતિમાં એ શખ્સ અથવા એ ટોળકી સુધી પહોંચવું જોઈએ, જેણે આવું દુસ્સાહસ કર્યું. આજકાલ એમ પણ ટ્રેનોની સરેરાશ ઝડપ ઘણી વધી ગઈ છે અને પાટા પર એક પછી એક એટલી ટ્રેનો દોડી રહી છે કે તેમને સમયસર ચલાવવી અને ગતિ સાથે ચલાવવી અનિવાર્ય થતું જાય છે. કાલિંદી એક્સપ્રેસ પણ ઘણી ઝડપથી જતી હતી. જો તેની સાથે ટકરાઈને સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હોત તો ભારે નુક્સાન થયું હોત. ફોરેન્સિક ટીમ તપાસ કરી રહી છે, અપરાધીઓ સુધી પહોંચવું અને તેમના મનસૂબા ઉજાગર કરવા જરૂરી છે, જેથી સુરક્ષા વ્યવસ્થા સચોટ બનાવી શકાય.

આવી ગંભીર બાબતોમાં તપાસ એજન્સીઓએ ઢીલ છોડીને ખતરાને સમજવાની કોશિશ કરવી જોઈએ. રેલવે સંચાલન જેટલું મહત્ત્વપૂર્ણ છે, એનાથી ક્યાંય વધુ મહત્ત્વપૂર્ણ છે, એવા અપરાધી તત્ત્વો પર અંકુશ. ધ્યાન રહે કે ૧૭ ઓગસ્ટે વારાણસી-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસના ૨૨ ડબા કાનપુર પાસે જ પાટા પરથી ઉતરી ગયા હતા. તેમાં એન્જિન એક ખડક સાથે ટકરાઈ ગયું હતું. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં ચંડીગઢ-ડિબ્રૂગઢ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી જવાથી ચાર યાત્રીઓના જીવ ગયા હતા. કાલિંદી એક્સપ્રેસ સાથે થયેલ તાજી ઘટના કેટલું ગંભીર રૂપ લઈ શકતી હતી, તે વિચારવા જેવું છે. સૌથી મોટો ખતરો એ હોય છે કે જો ટ્રેન કોઈપણ કારણોસર પાંચ મિનિટ ક્યાંક ઊભી રહી જાય તો એ જ પાટા પર પાછળથી આવતી ટ્રેન કાળ બની જાય છે. આ વખતે કાવતરું એવું જ હતું કે કાનપુર રૂટ જેવા વ્યસ્તતમ માર્ગ પર પરિવહન માર્ગ પર મોટી ખાનાખરાબી થાય. એ તો મુસાફરોનું સારું નસીબ કે સિલિન્ડર ટકરાઈને દૂર ફેંકાઈ ગયું અને ટ્રેન પાટા પરથી ઉતરી ન પડી. કેન્દ્ર સરકારે આ કાવતરાની તપાસનું કામ એનઆઈએને આપીને સારું જ કર્યું છે. આ પહેલાં કેટલીય જગ્યાએ વંદે ભારત ટ્રેનો પર પથ્થરમારાની પણ ઘટનાઓ જોવા મળી છે. હવે સમય આવી ગયો છે કે રેલવે દુર્ઘટનાઓ કે ષડયંત્રો વિશે લોકોને ખબર પડે. તપાસમાં માત્ર નાના કર્મચારીઓ પર ઠીકરું ફોડવાને બદલે મોટા અધિકારીઓની પણ જવાબદારી નક્કી થવી જોઈએ. દરેક પ્રકારની રેલવે સેવા અને તેની સુરક્ષાની ગુણવત્તામાં સુધારને પ્રાથમિકતા બનાવીને આગળ વધવું જોઈએ.

# ખંભાળિયાના ક્ષત્રિય શ્રદ્ધાળુઓ દ્વારા કચ્છ માતાના મઢ ખાતે પદયાત્રા : વાજતે ગાજતે પ્રસ્થાન

## પૂર્વ પ્રમુખ ગીરૂભા જાડેજાની ત્રણ દાયકાથી અવિરત રીતે પદયાત્રા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬ આગામી દિવસોમાં આદ્યશક્તિ આરાધનાના પર્વ નવરાત્રીનો મંગલ પ્રારંભ થનાર છે. ત્યારે કચ્છ ખાતે બિરાજતા પૂજ્ય શ્રી આશાપુરા માતાજીના મંદિર ખાતે દર્શન તેમજ પૂજન-અર્ચનના અનન્ય મહાત્મય વચ્ચે અન્ય સ્થળોની જેમ ખંભાળિયા ખાતેથી મોટી સંખ્યામાં માઈ ભક્તોએ માતાના મઢ ખાતે ચાલીને પદયાત્રાનું પ્રસ્થાન કર્યું છે. ખંભાળિયાથી કચ્છ માતાના મઢ ખાતે છેલ્લા આશરે ત્રણ દાયકાથી અહીંના નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તેમજ ક્ષત્રિય સમાજના અગ્રણી ગીરીરાજસિંહ ડી. જાડેજા (ગીરૂભા) તેમજ અન્ય શ્રદ્ધાળુ ભક્તો ચાલીને જાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મંગળવારે ખંભાળિયામાં આવેલા પૂજ્ય આશાપુરા માતાજીના મંદિરથી કચ્છ ખાતે માતાના મઢ સુધીની પદયાત્રાનો પ્રારંભ તેમના દ્વારા કરવામાં આવ્યો હતો. ગીરૂભા જાડેજા સાથે અન્ય કેટલાક શ્રદ્ધાળુ ભક્તો પણ પદયાત્રાએ જવા રવાના થયા હતા. આ અંગે ગીરૂભા જાડેજાએ જણાવ્યું હતું કે ખંભાળિયાથી આશરે ૪૫૦ કિલોમીટર દૂર માતાના મઢ ખાતે તેઓ વર્ષ ૧૯૯૫ થી અવિરત રીતે જાય છે. આટલું અંતર દૈનિક ૬૦-૭૦ કિલોમીટર કાપીને સાતથી આઠ દિવસમાં તેઓ આ પદયાત્રા પૂર્ણ કરી દે છે. હાલ ૭૮ વર્ષની હોય પણ ગીરૂભા જાડેજાને માતાજીની દયાથી ચાલીને પહોંચવાનો સ્ટેમીના મળી રહે છે. માર્ગમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, ભક્તો પદયાત્રીઓની સેવા કરે છે. ગઈકાલે માતાના મઢ ખાતે પ્રસ્થાન કરી રહેલા પદયાત્રીઓને ભાવભરી રીતે હારતોરા કરીને વિદાય આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકાના ઈન્કમટેક્સ ઈન્સ્પેક્ટર રૂા.૩ હજારની લાંચ લેતા ઝડપાયા

## ડબલ પાનકાર્ડ કઢાવતા આસામી પાસેથી માંગી હતી લાંચ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રહેતા એક આસામી દ્વારા પોતાનું ડબલ થયેલું પાનકાર્ડ રદ કરાવવા જતા આ અંગે દ્વારકાના વર્ગ ૩ના કર્મચારી એવા ઈક્મટેક્સ ઈન્સ્પેક્ટર દ્વારા રૂા.૧૦,૦૦૦ની માંગણી કર્યા બાદ લેતી-દેતીમાં રૂપિયા ૩,૦૦૦ ની રોકડ રકમની લાંચ લેતા એ.સી.બી. પોલીસે આ અધિકારીને ઝડપી લઈ, ગુનો નોંધ્યો છે. સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દ્વારકા જિલ્લામાં રહેતા એક આસામીએ અગાઉ કઢાવેલું પાનકાર્ડ ખોવાઈ જતા તેમણે ઓનલાઈન માધ્યમથી બીજું પાનકાર્ડ કઢાવ્યું હતું. આ પછી તેમને પોતાનું જૂનું પાનકાર્ડ મળી આવ્યું હતું. તેમની પાસે થઈ ગયેલા બે પાનકાર્ડ પૈકી પોતાનું નવું પાનકાર્ડ રદ કરવા માટે તેમણે દ્વારકા ખાતે આવેલી ઈક્મટેક્સ કચેરીનો સંપર્ક કર્યો હતો. અહીં ઈક્મટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સુનિલકુમાર અરવિંદકુમાર મીના (ઉ.વ. ૩૦) એ તેમની પાસે આવેલા આસામીને ડબલ પાનકાર્ડ ધરાવવા બદલ પેનલ્ટી તેમજ જેલની સજા થઈ શકે તેમ જણાવ્યું હતું. સામા પક્ષે ફરિયાદી આસામીએ પોતાને આવી કોઈ નોટિસ મળેલ નથી અને પોતે સામેથી બીજું પાનકાર્ડ રદ કરાવવા આવ્યા છે તેમ જણાવ્યું હતું. તેમ છતાં પણ ઈક્મટેક્સ ઈન્સ્પેક્ટર સુનિલકુમાર મીનાએ રૂા.૧૦,૦૦૦ ની પેનલ્ટી થશે તે ભરવી ન હોય તો અડધા રૂપિયા ૫,૦૦૦ વહીવટ પેટે આપી દેવા જણાવ્યું હતું. આથી ફરિયાદીએ આનાકાની કર્યા બાદ રૂા. ૩,૦૦૦ માં લેતી-દેતી કરવાનું નક્કી થયું હતું. આ પછી ફરિયાદી આસામીએ એન્ટી કરપ્શન બ્યુરો કચેરીનો સંપર્ક કર્યો હતો. જેને અનુલક્ષીને રાજકોટ એ.સી.બી. વિભાગના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના માર્ગદર્શન હેઠળ જામનગર - દ્વારકા જિલ્લાના ઈન્ચાર્જ અધિકારી પી.આઈ. આર.એન. વિરાણી દ્વારા ગઈકાલે દ્વારકાની ઈક્મટેક્સ કચેરી ખાતે લાંચનું છટકું ગોઠવીને ફરિયાદી અને આરોપી વચ્ચે લાંચ બાબતેની ચર્ચા પછી રૂા. ૩,૦૦૦ ની રોકડ રકમ સાથે ઈક્મટેક્સ ઈન્સ્પેક્ટર સુનિલકુમાર મીનાને રૂ. ૩,૦૦૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધો હતો. આમ, રાજ્ય સેવક તરીકે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી, ગુનાહિત ગેરવર્તણુક કરવા સબબ એ.સી.બી. પોલીસે મંગળવારે ધોરણસર કાર્યવાહી કરી હતી.

# ખંભાળિયાની આઈ.ટી.આઈ. કચેરીમાં આગનું છમકલું : વિદ્યાર્થીઓમાં દોડધામ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬ ખંભાળિયા નજીક જામનગર માર્ગ ઉપર આવેલી રોજગાર કચેરી (આઈ.ટી.આઈ.) ખાતે મંગળવારે બપોરે આશરે દોઢેક વાગ્યાના સમયે એકાએક આગ લાગી હતી. આઈ.ટી.આઈ.માં રહેલા પેનલ બોર્ડમાં શોર્ટ સર્કિટ થતા આ આગ લાગી હોવાનું કહેવાય છે. ત્યારે કોલેજના સમયે આ આગ લાગતા વિદ્યાર્થીઓમાં દોડધામ મચી જવા પામી હતી. આગના સ્થળેથી વિદ્યાર્થીઓ દૂર ચાલ્યા જતા કોઈ મોટી જાનહાની થઈ ન હતી. આ બનાવ અંગે ડિઝાસ્ટર કંટ્રોલ દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર અધિકારી મીતરાજસિંહ પરમારની સૂચના મુજબ સ્ટાફના ઈર્શાદભાઈ, જયપાલસિંહ વિગેરેએ પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

# ખંભાળિયામાં વિકાસ કાર્યો માટે રૂા.૬ કરોડની ગ્રાન્ટ હોવા છતાં પણ આંતરિક ગજગ્રાહના કારણે કામો થતા નથી

## નિયમોના ચુસ્ત આગ્રહી ચીફ ઓફિસર: ઝડપી ટેન્ડર પ્રક્રિયા અનિવાર્ય



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬ ખંભાળિયા શહેરમાં જણા છેલ્લા ઘણા સમયથી એક પણ નવું અને નોંધપાત્ર વિકાસ કામ થયું નથી. જેમાં મહદ અંશે પાલિકામાં આંતરિક સખળ-ડખળને જવાબદાર માનવામાં આવે છે. આ વચ્ચે હાલ પાલિકા પાસે જુદા જુદા વિકાસ કામ માટે રૂપિયા ૬ કરોડની ગ્રાન્ટ પડી હોવા છતાં પણ આ કામો ન થઈ શકતા ચુસ્ત નિયમોના આગ્રહી ચીફ ઓફિસર અને કેટલાક સભ્યો વચ્ચેનો ગજગ્રાહ કારણભૂત હોવાનું કહેવાય છે. ખંભાળિયા નગરપાલિકા પાસે હાલ છ કરોડ જેટલી રકમના વિકાસ કામો થઈ શકે તેની ગ્રાન્ટ જમા છે. પરંતુ આ વચ્ચે હાલ ચોમાસાના કારણે નુકસાન પામેલા રસ્તાઓના રીપેરીંગ અંગેની કામગીરી અન્ય શહેરોમાં શરૂ થઈ ગઈ છે, તેમ છતાં પણ ખંભાળિયા નગરપાલિકામાં ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી નથી. તેની પાછળ નગરપાલિકાના કેટલાક સદસ્યો અને ચીફ ઓફિસર વચ્ચે કહેવાતો સંઘર્ષ કારણરૂપ હોવાનું બહાર આવ્યું છે. ખંભાળિયા નગરપાલિકામાં રોડ રસ્તા રીપેરીંગના કામ માટે રૂપિયા દોઢ કરોડ સહિત રૂ. ૬ કરોડ જેટલી ગ્રાન્ટ પડી છે. આ વચ્ચે મહત્વની બાબતો એ છે કે નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી જનરલ બોર્ડ બોલાવવામાં આવી નથી અને તેના કારણે કામો નક્કી થયા નથી. જેના માનવામાં આવતા એક કારણ મુજબ નગરપાલિકાના ચીફ ઓફિસર નિયમોના આગ્રહી છે અને તેઓ કંઈ પણ નિયમ વિરુદ્ધ કે ખોટું ચલાવતા નથી. જેના કારણે નગરપાલિકાના કેટલાક સભ્યો દ્વારા ચીફ ઓફિસરની બદલી થાય તે પછી સામાન્ય સભાનો આગ્રહ રાખતા હોવાનું કહેવાય છે. આ બાબતથી શહેરની જનતા મુશ્કેલીમાં મુકાઈ રહી છે. જો કે તાજેતરમાં જનરલ બોર્ડ પૂર્વેની સંકલન બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપની સ્પષ્ટ બહુમતી ધરાવતી ખંભાળિયા નગરપાલિકામાં કરોડોની ગ્રાન્ટ પડી છે, ત્યારે ભાજપના જિલ્લા તેમજ શહેરના હોદ્દેદારો દ્વારા આ પ્રશ્ન રસ લ્યે તેવી માંગ નગરજનોમાં ઉઠવા પામી છે. આટલું જ નહીં, પાલિકાના જે કામો, રસ્તાઓ ભૂતકાળમાં થયા છે અને તે નબળા તેમજ ક્ષતિગ્રસ્ત ન બને તે માટે ખાસ તકેદારી રાખવામાં આવે તેમ પણ સુજ્ઞ નગરજનો ઈચ્છી રહ્યા છે.

# ખંભાળિયામાં નવરાત્રી પર્વ પૂર્વે અનેરો થનગનાટ વેલકમ નવરાત્રી તથા ગરબા મહોત્સવના આયોજનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫ નવરાત્રીના ઉમંગ ઉત્સાહના પર્વને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે ખંભાળિયામાં ઠેર ઠેર નવરાત્રીના વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. અહીં વિવિધ ગરબા મંડળ તેમજ ઉત્સવ સમિતિઓ દ્વારા રાસ ગરબાના આયોજનો કરવામાં આવી રહ્યા છે. જેને માણવા લોકોમાં પણ અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ખંભાળિયા નજીકના ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં પણ નવરાત્રી પૂર્વે ગરબા શોખીન લોકો દ્વારા પારિવારિક નવરાત્રી મહોત્સવના આયોજનના ભાગરૂપે આ વિસ્તારની ધી

## પ્રેસિડેન્ટ સ્કૂલ ખાતે સોમવારે થનગનાટ ગરબા મહોત્સવ

પ્રેસિડેન્ટ સ્કૂલના વિશાળ પટાંગણમાં થનગનાટ નવરાત્રી ગરબા મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ આયોજનમાં આગામી સોમવાર તારીખ ૩૦ સપ્ટેમ્બરના રોજ રાત્રે નવ વાગ્યાથી વિશાળ અને પારિવારિક વેલકમ નવરાત્રી મહોત્સવ થનગનાટ માટેનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક લાખ વોલ્ટની અત્યાધુનિક સાઉન્ડ સિસ્ટમ સાથે જાણીતા કલાકારો ગરબા શોખીનોને ડોલાવશે. અહીં સંસ્કૃતિ અને સભ્યતાના સમન્વય સાથે પારંપરિક રાસ ગરબા નિહાળવા આવતા પ્રેક્ષકો માટે વિનામૂલ્યે એન્ટ્રી રાખવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજાયેલા આ નવરાત્રી મહોત્સવમાં સામાજિક, શૈક્ષણિક, રાજકીય, સેવાકીય વિગેરે તમામ ક્ષેત્રના સદગૃહસ્થો જોડાશે. આ માટે શિક્ષણવિદ માહીભાઈ સતવારા, સહિતના આયોજકો, સહયોગીઓ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ રાસોત્સવને નિહાળવા માટે સહભાગી થવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભાણવડ આહીર સમાજના લખનભાઈ વારોતરીયાને વધુ એક ગોલ્ડ : ૫મી જીવાયએસએ અંતર્ગત ચેમ્પિયનશિપમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનું ગૌરવ વધાર્યું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૬ રાજ્ય કક્ષાની ૫મી જી.વાય.એસ.એ યોગાસના ચેમ્પિયનશિપ ૨૦૨૪/૨૫ અંતર્ગત રાજકોટ આર કે યુનિવર્સિટી ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના આહિર સમાજના યુવા યોગકોચ લખનભાઈ વારોતરીયાએ સિનિયર ૭ કેટેગરીમાં ટ્રેડિશનલ યોગાસના કોમ્પિટિશનમાં ભાગ લઈ ૩૦ જિલ્લાઓના ખેલાડીઓને પાછળ રાખી પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીતી દેવભૂમિ દ્વારકા જિલ્લાનું રાજ્ય કક્ષાની યોગાસના ચેમ્પિયનશિપમાં ગૌરવ વધાર્યું છે. જી.વાય.એસ.એના પ્રેસિડેન્ટ ઉદયસર શેઠ, જનરલ સેક્રેટરી ઉમંગસર ડોન તથા મેમ્બર્સો દ્વારા વિજેતા ખેલાડીઓને મેડલ સર્ટિફિકેટ સાથે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઉભરતા સિતારા સમાન લખનભાઈ વારોતરીયાના નામે અનેક અગાઉ પણ મેડલો છે. આ તકે દ્વારકા જિલ્લામાંથી અનેક શુભેચ્છાઓ લખનભાઈને પ્રાપ્ત થઈ રહી છે.

# ખંભાળિયાના ધમધમતા વિસ્તારમાંથી મોટરસાયકલની ચોરી

જામ ખંભાળિયા તા.૨૬ ખંભાળિયાના મિલન ચાર રસ્તા વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલ નીચેના ભાગે આવેલા ટી.વી.એસ.ના શોરૂમ પાસે પાર્ક કરીને રાખવામાં આવેલું રૂા.૯૫,૦૦૦ ની કિંમતનું ટીવીએસ રાઈડર મોટરસાયકલ ગત તારીખ ૨૨ મીના રોજ કોઈ તસ્કરો ચોરી કરીને લઈ ગયા હોવાની ફરિયાદ રણમલભાઈ સીદાભાઈ કારીયા(ઉ.વ. ૪૫, રહે. ભટગામ) એ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણમાં અહીંના પી.આઈ. બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પી.એસ.આઈ. આર.આર. ઝરૂ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં અત્રે રેલવે સ્ટેશન રોડ વિસ્તારમાંથી ઉપરોક્ત મોટર સાયકલ સાથે અહીંના ભરવાડ પાડો સુખનાથ મહાદેવ મંદિરની પાછળના ભાગે રહેતા સાદિક ઉર્ફે સાજીદ ઈકબાલ ખીરા (ઉ.વ. ૨૨) નામના શખ્સની પોલીસે અટકાયત કરી, આગળની કાર્યવાહી કરી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એક એક ડગલું ચાલવાથી માઈલોનું અંતર કપાય છે.

- ચીની કહેવત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૯ દશમનું શ્રાધ્ધ, ગુરૂપુષ્યામૃત સિધ્ધિ યોગ (રાત્રે ૧૧:૩૪ ક.થી) તા.૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૨૨, પુનર્વસુ નક્ષત્ર, પરિઘ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૪૨, સૂ.અ.૬:૪૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સાંજે ૫:૧૨ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યવસાયિક કાર્યોમાં લાભ થાય. મકાન, વસ્તુની ખરીદી થાય.
વૃષભ: કૌટુંબિક જીવનમાં આનંદ રહે. આવકમાં વધારો થાય.
મિથુન: મનમાં મૂંઝવણ અનુભવાય. અટકી કાર્યમાં સફળતા મળે.
કર્ક: મનમાં ચિંતા રહે. વિલંબથી કાર્યમાં સફળતા મળે.
સિંહ: બઢતીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે નવું આયોજન થાય.
કન્યા: મિત્ર વર્ગથી વિશ્વાસઘાત ન થાય તે માટે સાવધ રહેવું.
તુલા: ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. પ્રવાસ-મુસાફરીના યોગ છે.
વૃશ્ચિક: આળસ ન કરવી હિતાવહ. લાભની તક સરી ન જાય તે જોવું.
ધન: જીવનસાથીથી સ્નેહ રહે. આકસ્મીક મુસાફરી થાય.
મકર: જીવનસાથીના સહકારથી સમસ્યાનો ઉકેલ મળે.
કુંભ: સંતાનથી લાભ થાય. માંગલિક કાર્યમાં સફળતા મળે.
મીન: નાણાંકીય વ્યવહારોમાં સંભાળવું. ધંધામાં મતભેદ સર્જાય.

# તમને મત આપ્યો એ અમારા જીવનની સૌથી મોટી ભૂલ : વડોદરાના રહીશોમાં ભભૂકતો રોષ

વડોદરા, તા.૨૬

વડોદરા શહેરમાં આવેલ પૂરે ભારે તબાહી મચાવી હતી. પૂરગ્રસ્તો માટે સરકાર દ્વારા સહાયની જાહેરાત કર્યા બાદ સર્વે કરી અસરગ્રસ્તોને સહાય ચૂકવી હોવાના તંત્ર દ્વારા દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પરંતુ તેની વાસ્તવિકતા કંઈક જુદી જ જોવા મળી રહી છે. જેના કારણે હજુ પણ લોકોમાં તંત્ર સહીત રાજકીય નેતાઓ, કોર્પોરેટરો સામે રોષ જોવા મળી રહ્યો છે અને આવામાં ફરી એક વાર કોઈ સ્થાનિક કોર્પોરેટર જનતાના રોષનો ભોગ બન્યો હોય તેવો બનાવ સામે આવ્યો છે. જેમાં આ વખતે આક્રોશિત લોકો દ્વારા કોર્પોરેટર જાગૃતિ કાકાનો ઘેરાવો કરવામાં આવ્યો હતો. પૂર બાદ ગુજરાત સરકાર દ્વારા અસરગ્રસ્તોને સહાય ચૂકવવા માટે તંત્રને આદેશ આપ્યો હતો. જેની સામે તમામ અસરગ્રસ્તોને સહાય ચૂકવાઈ હોવાના તંત્ર દ્વારા દાવાઓ કરવામાં આવ્યા જે દાવાઓ પોકળ સાબિત થયા છે. કારણકે, ભાજપ કાર્યાલયને બિલકુલ અડીને આવેલી સોસાયટીમાં જ સર્વે નથી થયો તેવો સોસાયટીના રહીશોએ આક્ષેપ કર્યો છે. પૂરના લાંબા સમય બાદ કોર્પોરેટર જાગૃતિ કાકાએ વિસ્તારમાં દસ્તક દેતા લોકો રોષે ભરાયા હતા. શ્રીજી સોસાયટીના લોકોએ કોર્પોરેટર જાગૃતિ કાકાનો ઘેરાવો કર્યો હતો. જે દરમ્યાન સ્થાનિક નાગરિકોએ જાગૃતિ કાકા સામે સવાલોનો મારો ચલાવ્યો હતો. જેની સામે કોર્પોરેટરએ સમગ્ર દોષનો ટોપલો વોર્ડ ઓફિસર અને કલેક્ટર કચેરી ઉપર ઢોળ્યો હતો. સોસાયટીના રહીશોએ આક્ષેપ કર્યો કે, આ વિનાશક પૂરે અમને ઘણુ બધુ શીખવી દીધું. પૂર સમયે લોકો ટળવળતા રહ્યા છતાં કોઈએ ભાળ ન કાઢી. તમને મત આપ્યો એ અમારા જીવનની સૌથી મોટી ભૂલ હતી. પરંતુ હવે આવતી ચૂંટણીમાં અહી મત લેવા ભૂલથી પણ ન આવતા.

# અરવિંદ કેજરીવાલે "જનતા કી અદાલત" ને સંબોધિત કરતી વખતે RSSને પાંચ પ્રશ્નો પૂછ્યા




નવી દિલ્હી, તા.૨૬

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા બાદ પ્રથમ વખત જનતાને સંબોધિત કરી. અરવિંદ કેજરીવાલે જંતર-મંતર ખાતે જન અદાલતનું આયોજન કર્યું હતું. આ દરમિયાન કેજરીવાલે આરએસએસના વડા મોહન ભાગવતને ભાજપને લઈને પાંચ સવાલ પૂછ્યા હતા. કેજરીવાલે કહ્યું કે, આરએસએસ પોતાને રાષ્ટ્રવાદી કહે છે, દેશભક્ત કહે છે, આજે હું મોહન ભાગવત જીને પૂરા સન્માન સાથે પૂછવા માંગુ છું કે જે રીતે મોદીજી સમગ્ર દેશને લાલચ આપીને અથવા ઈડ્ઢ-ઝ્રમ્ૈંને ધમકી આપીને અન્ય પક્ષને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે લોકોને જેલમાં ધકેલી દેવા, પક્ષ તોડવો અને સરકારને તોડી પાડવી, શું તમને નથી લાગતું કે આ દેશ માટે ખતરો છે?

અરવિંદ કેજરીવાલે કહ્યું, જે રીતે મોદીજી અન્ય પક્ષોના નેતાઓને તોડી રહ્યા છે અને દેશભરના લોકોને લાલચ આપીને અથવા ED-CBIને ધમકી આપીને સરકારને પછાડી રહ્યા છે - શું આ દેશની લોકશાહી માટે યોગ્ય છે? શું તમે નથી માનતા કે આ દેશની લોકશાહી માટે નુકસાનકારક છે?

પીએમ મોદીએ દેશભરના સૌથી ભ્રષ્ટ નેતાઓને પોતાની પાર્ટીમાં સામેલ કર્યા છે. અમિત શાહે જે નેતાઓને ભ્રષ્ટ કહ્યા હતા એ નેતાઓ જ હતા જેમને તેમણે પોતે થોડા દિવસ પહેલા સૌથી મોટા ભ્રષ્ટ કહ્યા હતા. થોડા દિવસો પછી તેઓ પોતે પણ ભાજપમાં સામેલ થયા, તમે આવી ભાજપની કલ્પના કરી હતી? શું તમે આ પ્રકારના રાજકારણ સાથે સહમત છો?

આરએસએસના ગર્ભમાંથી ભાજપનો જન્મ થયો છે, ભાજપ ભટકી ન જાય તે જોવાની જવાબદારી આરએસએસની છે, શું તમે ભાજપના આજના પગલાં સાથે સહમત છો? શું તમે ક્યારેય મોદીજીને આ બધું ન કરવા કહ્યું છે?

જેપી નડ્ડાએ ચૂંટણી દરમિયાન કહ્યું હતું કે ભાજપને આરએસએસની જરૂર નથી, આરએસએસ ભાજપની માતા સમાન છે. શું દીકરો એટલો મોટો થઈ ગયો છે કે તે માતાને આંખો બતાવવા લાગ્યો છે? જે પુત્રને તેમણે ઉછેર્યો અને વડાપ્રધાન બનાવ્યો, આજે તેઓ તેમની સંસ્થાને આંખો બતાવી રહ્યા છે. જેપી નડ્ડાએ આ નિવેદન આપ્યું ત્યારે શું તમને દુઃખ થયું નથી?

આરએસએસ અને ભાજપે સાથે મળીને આ કાયદો બનાવ્યો હતો કે કોઈપણ વ્યક્તિએ ૭૫ વર્ષની વય પૂર્ણ કર્યા પછી નિવૃત્ત થવું પડશે. આ કાયદા હેઠળ, અડવાણીજી અને મુરલી મનોહર જોશીજી જેવા ઘણા મોટા નેતાઓ પણ નિવૃત્ત થયા હતા. હવે અમિત શાહ જી કહી રહ્યા છે કે તે નિયમ મોદીજી પર લાગુ નહીં થાય, શું તમે સંમત છો કે જે નિયમ અડવાણીજીને લાગુ હતો તે નિયમ મોદીજીને લાગુ નહીં પડે.

# એર માર્શલ અમરપ્રીત સિંહ બન્યા નવા વાયુસેના પ્રમુખ, વીઆર ચૌધરીની જગ્યા લેશે



નવી દિલ્હી, તા.૨૬

એર માર્શલ અમરપ્રીત સિંહ હવે ભારતીય વાયુસેનાની કમાન સંભાળશે. સરકારે અમરપ્રીત સિંહને એરફોર્સ ચીફ તરીકે નિયુક્ત કર્યા છે, તેઓ વીઆર ચૌધરીની જગ્યા લેશે. હાલમાં અમરપ્રીત સિંહ વાયુસેનાના ડેપ્યુટી ચીફની જવાબદારી નિભાવી રહ્યા છે. અમરપ્રીત સિંહ ૩૦ સપ્ટેમ્બરે એર ચીફ માર્શલનું પદ સંભાળશે. તેઓ એર ચીફ માર્શલ વિવેક રામ ચૌધરીની જગ્યા લેશે જેઓ એ જ દિવસે તેમનો કાર્યકાળ પૂરો કરીને નિવૃત્ત થશે. એર માર્શલ અમરપ્રીત સિંહનો જન્મ ૨૭ ઓક્ટોબર ૧૯૬૪માં થયો હતો. તેમને ૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ વાયુસેનાના ૪૭માં નાયબ વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. એર માર્શલે વર્ષ ૧૯૮૪માં એરફોર્સમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, ત્યારબાદ તેઓ એક પછી એક સફળતા પ્રાપ્ત કરતા રહ્યા.

અમરપ્રીત સિંહને ૨૧ ડિસેમ્બર ૧૯૮૪ના રોજ એરફોર્સની ફાઈટર શાખામાં સામેલ કરવામાં આવ્યા હતા. તેમણે ઈસ્ટર્ન એર કમાન્ડમાં વરિષ્ઠ એર સ્ટાફ ઓફિસર તરીકે સેવા આપી હતી, ત્યારબાદ તેમણે સેન્ટ્રલ એર કમાન્ડની કમાન પણ સંભાળી હતી. એર માર્શલે તેમની કારકિર્દીમાં ઘણી મહત્વની જવાબદારીઓ નિભાવી છે, તેઓ મિગ-૨૭ સ્કવોડ્રનના કમાન્ડિંગ ઓફિસર તેમજ એર બેઝના એર ઓફિસર કમાન્ડિંગ રહ્યા છે. તેઓ નેશનલ ફ્લાઈટ ટેસ્ટ સેન્ટરમાં પ્રોજેક્ટ ડાયરેક્ટર (ફ્લાઈટ ટેસ્ટ) પણ હતા અને તેમને લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ, તેજસના ફ્લાઈટ ટેસ્ટની જવાબદારી સોંપવામાં આવી હતી. એર માર્શલ અમરપ્રીત સિંહે નેશનલ ડિફેન્સ એકેડમી, ડિફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજ અને નેશનલ ડિફેન્સ કોલેજ, વેલિંગ્ટનમાં અભ્યાસ કર્યો છે. એર માર્શલ અમરપ્રીત સિંહને તેમની કારકિર્દી દરમિયાન ઘણા મેડલ આપવામાં આવ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએસમાં રહેતા ભારતીયોની ભારતના સૌથી મજબૂત બ્રાન્ડ એમ્બેસેડર સાથે તુલના કરી



(એજન્સી) તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાની ત્રણ દિવસની મુલાકાતના ભાગરૂપે ન્યૂયોર્કના લોંગ આઈલેન્ડમાં નાસાઉ કોલિઝિયમ ખાતે 'મોદી અને યુએસ' કાર્યક્રમમાં ભારતીયઅમેરિકનોના સભ્યોને સંબોધિત કરતી વખતે ટિપ્પણી કરી હતી કે, હું હંમેશા ભારતીય સમુદાયની ક્ષમતાઓને સમજી રહ્યો છું. જ્યારે મારી પાસે કોઈ સત્તાવાર હોદ્દો ન હતો ત્યારે પણ હું તેને સમજી શક્યો છું. મારા માટે, તમે બધા ભારતના મજબૂત બ્રાન્ડ એમ્બેસેડર છો. તેથી જ હું તમને 'રાષ્ટ્રદૂત' કહું છું. અમે એવા દેશના નાગરિકો છીએ જ્યાં અનેક ભાષાઓ અને સંવાદો છે, વિશ્વના તમામ ધર્મો છે, અને તેમ છતાં અમે એક થઈને આગળ વધી રહ્યા છીએ. ૨૧ સપ્ટેમ્બર (શનિવાર)ના રોજ શરૂ થયેલી યુ.એસ.ની આ ત્રણ દિવસીય મુલાકાતના બીજા દિવસે ન્યુયોર્ક કાર્યક્રમમાં મોદીએ ભાગ લીધો હતો. શનિવારે, મોદી ક્વાડ સમિટ માટે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનના હોમ ટાઉન વિલ્મિંગ્ટન, ડેલવેર પહોંચ્યા અને બંને નેતાઓએ દ્વિપક્ષીય વાતચીત કરી હતી. મોદી અને બાઈડેને ભારત-યુએસ સંબંધોને વધુ બહેતર બનાવવાની રીતો વિશે વાત કરી અને પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ ઉપર વિચારોની આપ-લે કરી હતી. મોદી અને બાઈડેન સહિત ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ અને જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદાએ પણ ક્વોડ લીડર્સ સમિટમાં હાજરી આપી હતી. છઠ્ઠી ક્વાડ સમિટમાં ચાર નેતાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષાથી લઈને આરોગ્ય, આબોહવા પરિવર્તન અને વર્તમાન ભૌગોલિક રાજકીય પરિદશ્ય સુધીના વિવિધ વૈશ્વિક મુદ્દાઓની ચર્ચા કરી હતી.

# સુરતમાં ડેન્ગ્યુનો વધતો જતો વ્યાપઃ એકનું મોત

સુરત,તા.૨૬

સુરતમાં રોગચાળાની સાથે સુરતમાં મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. હાલમાં ડેન્ગ્યુના કારણે એક દર્દીનું મોત થયું છે. આ સાથે સુરતમાં મૃત્યુઆંક ૯ ઉપર પહોંચ્યો છે. ૨૫ વર્ષના આત્માભાઈને શનિવારે ઉલ્ટી થઈ હતી. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેમનો રિપોર્ટ ડેન્ગ્યુ પોઝિટિવ આવ્યો હતો. તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સુરતમાં રોગચાળો વકર્યો છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં સવારથી દર્દીઓની લાઈનો જોવા મળી રહી છે. દર્દીઓને કલાકો સુધી કતારોમાં ઉભા રહેવાની ફરજ પડી રહી છે. સ્વચ્છ શહેરનું બિરુદ હાંસલ કરનાર સુરત શહેરમાં શરદી, ઉધરસ અને તાવના કેસોમાં ભારે વધારો જોવા મળ્યો છે. જેનાં કિસ્સા નાના બાળકોમાં વધુ જોવા મળે છે. બે મહિનામાં તાવના ૧૬ હજાર શંકાસ્પદ કેસ નોંધાયા છે. માત્ર ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં જ મેલેરિયાના ૮૫ અને ડેન્ગ્યુના ૪૯ કેસ નોંધાયા છે. સર્વેમાં શહેરની ૬૮૬ ટીમોએ ભાગ લીધો છે.

સુરતમાં બે મહિનામાં ૩૯ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ૯,૦૦૦ લોકોને બ્રીડિંગ બદલ નોટિસ આપવામાં આવી છે. સુરત સિવિલ હોસ્પિટલ ડેન્ગ્યુ, મેલેરિયા અને તાવના દર્દીઓથી ભરેલી છે.

# સત્યપાલ મલિક ઉદ્ધવ ઠાકરેને મળ્યા, મલિકે કહ્યું,"આ વખતે રાજ્યમાં ભાજપનો સફાયો થશે"



મુંબઈ, તા.૨૬

જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકે તાજેતરમાં ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી હતી. મુંબઈમાં શિવસેના (યુબીટી)ના વડાને મળ્યા બાદ મલિકે કહ્યું કે મેં ઉદ્ધવને એક ઉમેદવારને બીજાની સામે ઊભા કરવા કહ્યું છે. તમામ પક્ષો પાસે એક ઉમેદવાર માટે એક ચહેરો હોવો જોઈએ, તેનાથી ૧૦૦% સફળતા મળશે અને આ વખતે રાજ્યમાં ભાજપનો સફાયો થઈ જશે. તેમણે વધુમાં કહ્યું કે મહારાષ્ટ્રની ચૂંટણી હરિયાણાની સાથે જ યોજાવાની હતી, પરંતુ સરકારને ડર છે કે અમે તે ચૂંટણી હારી જઈશું. હું કહું છું કે તમે ગમે ત્યારે ચૂંટણી યોજી શકો છો, પરંતુ તમે હારી જશો. મેં ઉદ્ધવ ઠાકરેને મારું સમર્થન આપ્યું છે. હું તેમના ચૂંટણી પ્રચારમાં આવીશ અને તેમની વિજયયાત્રામાં પણ જઈશ. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો છે. નવેમ્બરમાં અહીં ચૂંટણી થઈ શકે છે. ચૂંટણીને લઈને રાજકીય પક્ષોએ રાજકીય સમીકરણો ગોઠવવાનું શરૂ કરી દીધું છે. રાજ્યમાં એક તરફ મહાયુતિ સત્તામાં છે. તેમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની આગેવાનીવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે. બીજી તરફ, મહાવિકાસ અઘાડી છે, જેમાં કોંગ્રેસ, ઉદ્ધવ જૂથની શિવસેના અને શરદ પવારની આગેવાની હેઠળની NCP સામેલ છે.

રાજ્યમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને મલિકે કહ્યું કે ભાજપને માત્ર મોટો ફટકો જ નહીં, પરંતુ રાજ્યમાં પાર્ટીનો સફાયો પણ થઈ જશે. આ ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે મહત્વની ભૂમિકા ભજવશે. ચિંતા કરવાની જરૂર નથી. મેં MVA ને મારો સંપૂર્ણ ટેકો આપ્યો છે અને તે માટે પ્રચાર પણ કરીશ. ઉદ્ધવ ઠાકરેને મળવાના એક દિવસ પહેલા જ શનિવારે મલિકે કહ્યું હતું કે મહારાષ્ટ્રની ચૂંટણી દેશના રાજકીય માહોલ પર નોંધપાત્ર અસર કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્યના ચૂંટણી પરિણામો ભાજપના શબપેટીમાં છેલ્લો ખીલો લગાવશે. મહારાષ્ટ્ર દેશને દિશા આપશે. આ સિવાય પૂર્વ રાજ્યપાલે મહારાષ્ટ્ર અને હરિયાણામાં ચૂંટણીમાં વિલંબ કરવા માટે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી અને કહ્યું હતું કે વિરોધ પક્ષોને હારવાના ડરથી આવું કરવામાં આવી રહ્યું છે. તેમણે અનુમાન લગાવ્યું હતું કે હરિયાણામાં કોંગ્રેસને ૬૦ બેઠકો મળી શકે છે જ્યારે ભાજપને માત્ર ૨૦ બેઠકો મળી શકે છે. આ ઉપરાંત, મલિકે ૨૦૧૯ માં પુલવામા આતંકવાદી હુમલાની તપાસની તેમની માંગને પણ પુનરાવર્તિત કરી હતી જેમાં ૪૦ CRPF જવાનો શહીદ થયા હતા.


# ચમોલીમાં ચીન સરહદને જોડતા હાઈવે ઉપર ભયાનક ભૂસ્ખલન

ઉત્તરાખંડ,તા.૨૬

ઉત્તરાખંડમાં ભૂસ્ખલનની ઘટનાઓ અટકી રહી નથી. તાજેતરનો કિસ્સો ચમોલી જિલ્લામાં બન્યો છે. જ્યાં તેજસ્વી સૂર્યપ્રકાશ દરમિયાન મલેરી નેશનલ હાઈવે ઉપરનો પર્વત અચાનક તૂટી પડ્યો અને પડ્યો. પર્વત ધસી પડવાના કારણે આ મહત્વના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરનો વાહનવ્યવહાર બંધ થઈ ગયો છે. નેશનલ હાઈવે ઉપર પહાડ તૂટી પડ્યોઃ મળતી માહિતી મુજબ, મલારી નેશનલ હાઈવે ભારત-ચીન બોર્ડરને જોડે છે. નેશનલ હાઈવે ઉપર લતાથી લગભગ ૨૦ કિલોમીટર આગળ પહાડનો અડધો ભાગ ધરાશાયી થઈ ગયો છે. જેના કારણે નેશનલ હાઈવે સંપૂર્ણ રીતે ખોરવાઈ ગયો છે. હકીકતમાં, પર્વતોમાં વરસાદ પછી, તેજસ્વી સૂર્યપ્રકાશને કારણે ખડકો તૂટવા લાગ્યા છે. આવી સ્થિતિમાં, પર્વતીય રસ્તાઓ પર મુસાફરી કરવી કોઈ સમસ્યા નથી. ચમોલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તેજસ્વી સૂર્યપ્રકાશ છે. જેના કારણે તડકાના કારણે હાઈવે દરેક જગ્યાએ અવરજવર માટે સરળ બનાવવામાં આવ્યો છે પરંતુ મોટાભાગે તેજ સૂર્યપ્રકાશને કારણે ભૂસ્ખલન પણ થઈ રહ્યું હોવાનું જોવા મળી રહ્યું છે. જેના કારણે રસ્તાઓ પણ સતત તૂટતા રહે છે.

# •આ પાંચ બીમારીઓથી રહો સાવધાન•

## આજે સ્ત્રીઓને ઘણી બધી બીમારીઓનો સામનો કરવો પડે છે. આમાંથી પણ પાંચ બીમારીઓ એવી છે કે જેનો મહિલાઓના સ્વાસ્થ્ય ઉપર ખુબ જ ખરાબ પ્રતિભાવ પડે છે હ્રદયની બીમારી, સ્તન કેન્સર, ઓસ્ટિયોપાઈરોસિસ, તણાવ અને રોગ પ્રતિકારક શકિતના અભાવથી થતા રોગો. આ બિમારી વિશે જાણવું જરૂરી છે



બીમારીઓ કયારેય કોઈને પુછીને નથી આવતી. બીમારી આવે છે ત્યારે જવાનું નામ નથી લેતી. પરંતુ આવી નિરાશાજનક કહેવતોની સામે આ કહેવતો પણ તમે જરૂર સાંભળી હશે ચેતતો નર (નારી) સદા સુખી, પહેલું સુખ તે જાતે નર્યા, જાન હૈ તો જહાન હૈ.

આપણે હકારાત્મક વાત કરવી છે જો બીમારી વિશે પહેલેથી જાણકારી હોય તો આપણે ચેતતા રહી શકીએ અને પરિણામે બીમારીને આવતા વેત જાકારો આપી શકાય. તેની સારવાર કરીને. હવે વૈજ્ઞાનિકો દ્વારા ઘણા સંશોધનો થઈ ચુકયા છે એટલે ભલભલી બિમારીનો ઈલાજ મળી રહે છે.

આજે સ્ત્રીઓને ઘણી બધી બિમારીઓનો સામનો કરવો પડે છે. આમાંથી પણ પાંચ બિમારીઓ એવી છે જેનો મહિલાઓના સ્વાસ્થ્ય ઉપર ખુબ જ ખરાબ પ્રભાવ પડે છે. જેમ કે હ્રદયની બીમારી, સ્તન કેન્સર, ઓસ્ટિયોપાઈરોસિસ, તણાવ અને રોગ પ્રતિકારક શકિતના અભાવથી થતા રોગો. આવો કેટલીક બીમારીઓ વિશે જાણીએ.

### હ્રદયની બીમારી

આજે હ્રદયની બીમારીના કારણે લગભગ ૨૯ ટકા સ્ત્રીઓના મૃત્યુ થાય છે. તેનું સૌથી મોટું જોખમ એ છે કે તેમાં સ્ત્રીઓના કવેળાએ મૃત્યુ અને વિકલાંગતાની સ્થિતિ ઉત્પન થાય છે. ઘણી એવી મહિલાઓ પણ છે જે હ્રદયની બીમારી સાથે ઘણી બધી તકલીફો જેમ કે દાદરા ચડવામાં અસમર્થ હોવું, શ્વાસ લેવામાં તકલીફ થવી વગેરેનો સામનો કરતી રહે છે. કારણ કે હ્રદયની બીમારી આ બધી ક્ષમતાને નષ્ટ કરી દે છે. હ્રદયરોગના નિષ્ણાંતોના કહેવા પ્રમાણે હકીકતમાં જોઈએ તો હ્રદય રોગોમાં કોરોનરી હ્રદય રોગનું સૌથી ઘાતક રૂપ લઈ ચુકયો છે.

### સ્તન કેન્સર

આ રોગ સ્ત્રીઓમાં જોવા મળતો સૌથી પ્રચલિત રોગ છે. તે ફેફસાના કેન્સર પછી જોવા મળતી એવી બીમારી છે જેનાથી મહિલાઓનું મૃત્યુ થવાની સંભાવના છે. વિશેષજ્ઞો જણાવે છે કે કયારેક કયારેક સ્તન કેન્સર થવાનો ડર એટલો બધો વધી જાય છે કે તેના કારણે મહિલાઓ ડોકટર પાસે તપાસ કરાવવા પણ જતી નથી અને કયારેક કયારેક વિચારવામાં મોડું થઈ જાય છે કે ઈલાજ કરાવવો જરૂરી છે કે નહી. આજે સ્તન કેન્સર માટે ઘણા ઈલાજ સંભવ છે પરંતુ મહિલાઓને તેના વિશે જાણકારી હોવી જરૂરી છે. આપણે ત્યા કેન્સર શબ્દ ખુબજ ડરાવી દે છે.

કેન્સર એટલે કેન્સલ એવું સમજવામાં આવે છે. પરંતુ પશ્ચિમમાં કેન્સરનો ઈલાજ આજે એ રીતે થઈ રહ્યો છે કે જેવો આપણે ત્યાં ક્ષયનો. નવા નવા સંશોધનોથી સ્તન કેન્સરનો ઈલાજ હવે સરળ થઈ ગયો છે. ગત વર્ષોમાં દેશમાં મહિલાઓમાં સ્તન કેન્સરના કિસ્સા વધુ બહાર આવ્યા છે. આમ કેન્સર એટલે કેન્સલ જેવી વિચારસરણી બદલવી જોઈએ. કેન્સરથી ડરવાના બદલે તેનો સામનો કરવો ઉચિત છે. લીસારે, મનીષા કોઈરાલા, એન્જેલિના જોલી જેવી અભિનેત્રીઓ તેનો સામનો હિંમતપૂર્વક કરી બહાર આવી છે.

### ઓસ્ટિયોપોરાસિસ

ઓસ્ટિયોપોરાસિસ પણ લોકોને ડરાવી દે છે આજે દેશમાં લગભગ ૬૦ ટકા મહિલાઓ આ રોગથી પીડીત છે. આ બીમારી મોટા સ્તર ઉપર ઈલાજ કરાવવા યોગ્ય છે. મોટાભાગની મહિલાઓ ૩૦ વર્ષની ઉમર પછી જાડી થવા લાગે છે. તેનાથી નવા હાડકા બનવા સમાપ્ત થવા લાગે છે. વળી મહિલાઓ ઘર ખર્ચ બચાવવા અને પોતાના બાળકોને દુધ મળે તે માટે પોતે દુધ પીતી નથી પરિણામે કેલ્શિયમ મળવું જોઈએ તેટલું મળતું નથી. આથી જ માતા પિતાએ દીકરીને નાનપણથી જ કેલ્શિયમ ભરપુર મળી રહે તે માટે પ્રયત્ન કરવા જોઈએ.

### તણાવ

આજે દરેકના જીવનમાં તણાવ વધતો જાય છે પરંતુ મહિલાઓના જીવનમાં ખાસ ઘર પણ ચલાવવું અને ઘણીવાર નોકરી પણ કરવાની હોય. ઘરમાં બાળકના હોમવર્ક, સ્કુલમાં તેની સાથે અન્ય બાળકોના વર્તનથી લઈ સાસુ સસરાની સંભાળ, સાસરિયા અને પિયરના પ્રસંગો વચ્ચે સંતુલન, ઘરમાં રસોઈ, સાફસફાઈ, પતિની દેખભાળ વગેરે અનેક બાબતો સ્ત્રીઓના જીવનમાં તણાવ પેદા કરી શકે છે. આથી પોતાના માટે સમય કાઢી મહિલાઓએ યોગ અને પ્રાણાયમને અપનાવવા જોઈએ. જો પોતે તંદુરસ્ત હશે તો ઘરને સારી રીતે ચલાવી શકશે.

બાળકોને અને પતિને પણ સંભાળી શકશે અને પોતે તંદુરસ્ત હશે તો રોગ પ્રતિકારક શકિત સારી હોવાથી તેના અભાવના કારણે થતા રોગ નહી થાય. જો આ શકિત વધી જાય તો લ્યુપસ, મલ્ટીપલ સ્કેલેરોઈસિસ, ડાયાબિટિસ વગેરે નહી થાય.

# મહાનગરપાલિકા, જૂનાગઢની સેનીટેશન શાખા દ્વારા શહેરમાં અનધિકૃત અને ગેરકાયદેસર પ્લાસ્ટિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું

## જાહેરમાં ન્યુસન્સ ફેલાવતા તથા પ્લાસ્ટિક વાપરતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છતા માટેના સ્વૈચ્છિક અને સામુહિક પ્રયાસોને મજબુત કરવા "સ્વચ્છતા હી સેવા" (SHS) પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત માન.કમિશનર ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન અને નાયબ કમિશ્નર એ.એસ. ઝાપડા, આસી.-કમિશ્નર જયેશભાઈ વાજા તથા સેક્રેટરી અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલીયાની સુચના મુજબ સેનિટેશન શાખાના સેનેટરી ઈન્સ્પેકટરશ્રીઓ દ્વારા શહેરમાં ગઈકાલે તા.૨૫/૦૯/૨૦૨૪ના રોજ દોલતપરા તેમજ ખલીલપૂર રોડ ઉપર મહાનગરપાલિકા, જુનાગઢની સેનીટેશન શાખા દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શહેરમાં આવેલ જય વડવાળા ટી, માલધારી ચા, મહાદેવ પાણીપુરી, દશરથ હોટેલ, ભરકા દેવી આઈસક્રીમ,ગાયત્રી પાણીપૂરી સહિતના ન્યુસન્સ ફેલાવતા તથા પ્લાસ્ટિક વાપરતા વેપારીઓ પાસેથી ૨ કિલો અનધિકૃત અને ગેરકાયદેસર પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું તેમજ રૂા.૩૫૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવેલ છે. આગામી દિવસોમાં પણ મહાનગર-પાલિકા, જૂનાગઢની સેનિટેશન શાખા દ્વારા શહેરમાં અનધિકૃત અને ગેરકાયદેસર પ્લાસ્ટિક ચેકિંગ ડ્રાઈવ કાર્યરત રહેશે.

# કેશોદના યુવાનનું આફ્રિકામાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થતા જહેમત બાદ મૃતદેહ માદરે વતન લવાયો

## મુસ્લીમ એકતા મંચના અધ્યક્ષ અગ્રણી ઈમ્તિયાઝ પઠાણ દ્વારા આફ્રિકામાં ઈન્ડિયન એમ્બેસીના મુખ્ય અધિકારીનો સંપર્ક કરી અને કેન્દ્રીય મંત્રીનું ધ્યાન દોરતા મૃતદેહને કેશોદ લાવવા કાર્યવાહી કરાઈ

જૂનાગઢ તા ૨૫

કેશોદ સંધી શાળા પાસે રહેતા મુસ્લિમ પરિવારના પુત્ર મોહમ્મદ યુસુફ અલી હુસેન મલેક નામના ૨૫ વર્ષીય યુવાન આફ્રિકા કોંગો કિન્સાસા ખાતે ૩૩ મહિનાથી કેશોદના એક મહિલા એજન્ટ મારફતે અનેક સપનાઓ લઈ રોજી રોજગાર કમાવવા ગયેલો હતો. ગત તા.૨ /૯/૨૪ ના રોજ આફ્રિકા ખાતે તેનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું જેની જાણ પરિવારજનોને થતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આર્થિક રીતે અતિ ગરીબ પરિવારને પોતાના પુત્રને સાત સમંદર પાર શું થયું હશે ? અને તેનો મૃતદેહ કઈ રીતે ભારત પરત લાવવો ? તે અસમંજસમાં મુકાયો હતો અને બનાવના ત્રણ દિવસ બાદ સમગ્ર મામલો મુસ્લિમ એકતા મંચના અધ્યક્ષ અને મુસ્લિમ અગ્રણી ઈમ્તિયાઝ પઠાણ પાસે પહોંચ્યો હતો અને પછી યુવકના પાર્થિવ દેહને માદરે વતન લાવવા કાર્યવાહિ શરૂ કરવામાં આવી હતી. ઈમ્તિયાઝ પઠાણ દ્વારા આફ્રિકામાં ઈન્ડિયન એમ્બેસીના મુખ્ય અધિકારી વિષ્ણુ દયાલ માટોનો સંપર્ક કરાયો હતો. અને વિદેશ મંત્રાલયના અધિકારીઓને તાકીદ કરાઈ હતી. સાથે કેન્દ્રીયમંત્રી અને સાંસદ મનસુખભાઈ માંડવીયાનું પણ ધ્યાન દોરાયું હતું અને આફ્રિકા સ્થિત અને મૂળ ભારતના મુસ્લિમ આગેવાનોને પણ આ મામલે સક્રિય કરવામાં આવ્યા હતા. કાયદાકીય તેમજ સામાજિક તમામ પ્રયત્નો શરૂ થતા યુવક મોહમ્મદ યુસુફના મૃતદેહને આફ્રિકાથી ભારત લાવવા માટે કવાયત શરૂ કરવામાં આવી હતી અને અંતે મૃતક યુવક મોહમ્મદ યુસુફનો દેહ વિમાન મારફતે ઈથોપિયાથી મુંબઈ અને મુંબઈથી રાજકોટ વિમાન મારફતે પહોંચતા ત્યાંથી ગરીબ પરિવારના લાડકવાયાનો મૃતદેહ જમીન માર્ગે કેશોદ પહોંચતા પરિવારજનોનાં આક્રંદથી સમગ્ર કેશોદ વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ હતી. મર્હુમ યુવકના પિતા પણ ૧૧ વર્ષ પહેલાં મૃત્યુ પામેલ છે.



પરિવારમાં યુવકના માતા અને એક નાનો ભાઈ છે. યુવકની દફનવિધિ સમયે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા અને યુવકના મૃતદેહને માદરે વતન લાવવા માટે એડીચોટીનું જોર લગાવી જહેમત ઉઠાવનાર મુસ્લિમ અગ્રણી ઈમ્તિયાઝ પઠાણે જનાજામાં દફન વિધિ સુધી હજાર રહી પરિવારને સાંત્વના પાઠવી હતી અને દુઃખદ ઘડીમાં સમાજ સાથે હોવાનો અહેસાસ કરાવ્યો હતો.

# ટીસીએસઆરડીએ ક્લોથ બેગ વેન્ડિંગ મશીન સાથે પ્લાસ્ટિક કચરાને દૂર કરવાની દિશામાં પહેલ કરી



દ્વારકા તા. ૨૬

ટાટા કેમિકલ્સ લિમિટેડની સીએસઆર પાંખ ટાટા કેમિકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ (ટીસીએસઆરડી)એ 'ક્લોથ બેગ વેન્ડિંગ મશીન' સ્થાપિત કરીને પ્લાસ્ટિકના કચરાને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે એક નવી પહેલ શરૂ કરી છે. ધારાસભ્ય પબુભા માણેક દ્વારા બેટ દ્વારકા મંદિર ખાતે ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આ મશીનનું સત્તાવાર ઉદ્‌ઘાટન કરાયું હતું, જે પ્રસંગે ટાટા કેમિકલ્સ ખાતે ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસરશ્રી એન. કામથ, જીપીસીબી અધિકારી ગૌરાંગ ભટ્ટ, તાલુકા પંચાયત પ્રમુખ દેવી સિંઘ અને બીજા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ધારાસભ્ય પબુભા માણેકે રિબન કટ કરીને મશીનમાંથી પ્રથમ કાપડની થેલી ખરીદી હતી તથા તેની ગુણવત્તાની પ્રશંસા કરી હતી. આ પહેલથી બમણા લાભ થાય છે. પ્રથમ, ટીસીએસઆરડી અંતર્ગત સ્વ-સહાય જૂથ (એસએચજી) કપડાની બેગના ઉત્પાદનમાં કાર્યરત છે અને બીજું, "નિરંતર" દ્વારા વેન્ડિંગ મશીનના માધ્યમથી બેગનું વેચાણ કરાય છે. આ સમૂહ દિવ્યાંગ લોકોને સપોર્ટ કરે છે તથા તેમને સાર્થક આજીવિકાની તક પ્રદાન કરે છે. આ પ્રોજેક્ટ પર્યાવરણ અને સામાજિક સશક્તિકરણના પ્રયાસોરૂપે કામ કરે છે, જે પ્લાસ્ટિક કચરામાં ઘટાડો કરવાની સાથે-સાથે દિવ્યાંગોને આર્થિક સહાયતા પ્રદાન કરે છે. ટાટા કેમિકલ્સ ખાતે ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર એન. કામથે કહ્યું હતું કે, "આ પહેલ બે મહત્વપૂર્ણ પાસાઓને ભેગા કરે છે, પ્લાસ્ટિકના કચરામાં ઘટાડો અને આજીવિકાને સપોર્ટ કરવો. અમે આગામી દિવસોમાં આ પ્રોજેક્ટનું વિસ્તરણ કરતાં નાગેશ્વર મંદિર, દ્વારકા મંદિર અને ટાટા કેમિકલ્સ ટાઉનશીપ ખાતે વધુ મશીન સ્થાપિત કરીશું."

### ટ્રેન દુર્ઘટનાના કિસ્સામાં તાત્કાલિક પહોંચી કરશે મદદ

# રેલવેએ પ્રથમ વખત રેલ રક્ષક દળની કરી રચના

જયપુર,તા.૨૬

દેશભરમાં વધી રહેલા રેલ અકસ્માતો વચ્ચે ભારતીય રેલવેએ પ્રથમ વખત રેલ રક્ષક દળની રચના કરી છે. પાયલટ પ્રોજેક્ટ હેઠળ, ભારતીય રેલવેએ ઉત્તર પશ્ચિમ રેલવે (NWR) ઝોનમાં આ પહેલ શરૂ કરી છે. રેલ રક્ષક દળ તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરવા સક્ષમ છે. ટીમને ટોર્ચ, વોકી ટોકી, દોરડું, પ્રાથમિક સારવાર કીટ અને અન્ય સાધનો આપવામાં આવશે.

નોર્થ વેસ્ટર્ન રેલવેના IG RPF જ્યોતિ કુમાર સતીજાએ કહ્યું કે, 'અમારા માટે ગર્વની વાત છે કે રેલવે મંત્રીએ કોઈપણ રેલ અકસ્માતના કિસ્સામાં તાત્કાલિક રાહત આપવા માટે આ પહેલ શરૂ કરી છે. પાયલટ પ્રોજેક્ટ હેઠળ, ઉત્તર પશ્ચિમ રેલવેને આ જવાબદારી આપવામાં આવી છે. આ પહેલીવાર છે જ્યારે RPFને બચાવ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી રહી છે.

આ ટીમ અકસ્માત રાહત ટ્રેન પહેલા રોડ માર્ગે ઘટના સ્થળે પહોંચવામાં સક્ષમ છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવની પહેલ પર ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા પાયલટ પ્રોજેક્ટ તરીકે રચાયેલી આ ટીમને નેશનલ ડિઝાસ્ટર રિલીફ ફોર્સ (NDRF) દ્વારા તાલીમ આપવામાં આવી છે. ઝોનના ચાર વિભાગોમાં ચાર સ્થળો બાંદિકૂઈ, લાલગઢ, ઉદયપુર અને મેર્તા રોડ પર તૈનાત કરવામાં આવી છે.

ઉત્તર-પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અમિતાભે કહ્યું કે, 'રેલ રક્ષક દળની રચના મંત્રીના નિર્દેશ પર કરવામાં આવી છે. જેમાં રેલવેના સક્ષમ કર્મચારીઓને તૈનાત કરવામાં આવી રહ્યા છે. અમે તેમને સ્વિમિંગ જેવા ક્ષેત્રમાં તાલીમ આપી રહ્યા છીએ. આમાં ઉપયોગમાં લેવાતા તમામ સાધનો ઓછા વજનના અને લઈ જવામાં સરળ છે. રેલ રક્ષક દળનો હેતુ રેલવે દ્વારા જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરવાનો અને સમયાંતરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ તેનો ઉપયોગ કરવાનો છે. રેલવે તરફથી આ એક પહેલ છે કે જરૂરી હોય તો તમામ હિતધારકોને તેનો વિનામૂલ્યે ઉપયોગ કરવાની તક મળે. અત્યાર સુધી અમે દ્રહ્ઠઈહ્લને બોલાવતા હતા, પરંતુ મંત્રીએ એક પ્રયોગ તરીકે આ પહેલ શરૂ કરી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કવચ 4.O ભારતમાં પ્રથમ વખત સવાઈ માધોપુરથી શરૂ કરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં કવચ લગાવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે, આ માત્ર શરૂઆત છે, આવનારા વર્ષોમાં ૧૦ હજાર લોકોમોટિવ્સ કવચથી સજ્જ થશે અને ૯ હજાર વધારાના કિલોમીટર કવચથી સજ્જ થશે. અશ્વિની વૈષ્ણવે વધુમાં કહ્યું, 'કવચ 4.O હેઠળ, લોકો પાયલટ તેની કેબમાં જ ૧૦ કિલોમીટર દૂર સિગ્નલ જોઈ શકે છે. જો ટ્રેન લાલ સિગ્નલની નજીક આવી રહી હોય અને ડ્રાઈવર ધ્યાન ન આપે તો કવચ આપોઆપ બ્રેક લગાવશે. કવચને વરસાદની મોસમ, ડુંગરાળ વિસ્તારો અને દરિયાકાંઠાના વિસ્તારોને અનુરૂપ વિકસાવવામાં આવ્યું છે. આગામી ૫-૬ વર્ષમાં સમગ્ર નેટવર્કને કવચથી આવરી લેવામાં આવશે.

# ખંભાળિયામાં આવતીકાલે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાશે




જામ ખંભાળિયા, તા. ૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા માર્કેટિંગ યાર્ડ ખાતે આગામી શુક્રવાર તા. ૨૭ ના રોજ જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે. ગરીબ કલ્યાણ મેળાના સુચારૂ આયોજન માટે બુધવારે અહીંની કલેક્ટર કચેરી સભાખંડ ખાતે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લાના જરૂરિયાતમંદ લોકોને સરકારની અનેક જન કલ્યાણકારી યોજનાઓનો લાભ સુલભ બને અને લાભાર્થીઓને એક જ સ્થળ પરથી આ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી આગામી તા. ૨૭ના રોજ ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડ ખાતે ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાનાર છે. આ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓ અન્વયે એક જ સ્થળ પરથી જ લાભ-સહાયનું વિતરણ કરાશે.

આ કાર્યક્રમ સુચારૂ રૂપે યોજાય તે માટે મળેલી બેઠકમા સંબંધિત કચેરીઓને સોંપવામાં આવેલી ફરજ અને કામગીરી તથા કાર્યક્રમને લગતી તમામ વ્યવસ્થાઓનું આયોજન સુચારૂ રીતે થાય તે માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. કાર્યક્રમ સ્થળે પીવાનું પાણી, બેઠક વ્યવસ્થા, વિવિધ યોજનાકીય સ્ટોલ્સ, કાર્યક્રમના સ્થળે ટ્રાફિક નિયમન, વાહન પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સહિતના મુદ્દાઓ અનુસંધાને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં પ્રાંત અધિકારી કે.કે. કરમટા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.ડી. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.વી. ગોહિલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓખા મંડળના સુરજકરાડી ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



જામ ખંભાળિયા, તા. ૨૬

રાજ્ય સરકાર દ્વારા સેવા સેતુના દસમા તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં સરકારના ૧૩ વિભાગોની વિવિધ ૫૫ જેટલી સુવિધાઓનો સીધો લાભ નાગરિકોને એક જ સ્થળે આપવામાં આવી રહ્યો છે. જે અન્વયે બુધવારે ઓખા નગરપાલીકાની પેટા કચેરી સુરજકરાડી ખાતે અનેકવિધ સહાયનો લાભ સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી નાગરિકોને આપવામાં આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં સરકારની અલગ અલગ કુલ ૫૫ જેટલી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે. જેમાં રેશનકાર્ડ, ઈ-કે.વાય.સી, આધારકાર્ડની કામગીરી, જન્મ મરણના પ્રમાણપત્ર, આવકના દાખલા સહિત અનેક યોજનાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ આપવામાં આવ્યો હતો. સેવાસેતુ કાર્યક્રમમાં અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# ખંભાળિયામાં જિલ્લા અદાલત ખાતે સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

ગુજરાત રાજ્યમાં આવેલ અદાલતમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હેઠળ સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન એસ.વી. વ્યાસના માર્ગદર્શન હેઠળ જિલ્લા તથા તાલુકા કક્ષાએ આવેલી તમામ અદાલતમાં આ કેમ્પેનની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત તમામ અદાલત પરિસર, અદાલતની કચેરીઓ, કોર્ટ રૂમ, રેકોર્ડરૂમ, પબ્લિક ટોયલેટ તથા જાહેર જગ્યાઓમાં સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવી રહી છે. ખંભાળિયામાં જિલ્લા અદાલત ખાતે બુધવારે સ્વચ્છતા અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ખંભાળિયા હેડ ક્વાર્ટર ખાતે રહેલા તમામ ન્યાયાધીશ, જિલ્લા બાર પ્રમુખ, જિલ્લા બારના હોદ્દેદારો, વકીલો, સરકારી વકીલ તથા કોર્ટ કર્મચારીઓ દ્વારા ગઈકાલે કોર્ટ કેમ્પસની સફાઈ હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌએ સાથે મળીને "સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા" થીમ મુજબ સ્વચ્છતા અંગેના શપથ લીધા હતા. સાથે સ્વચ્છતા જાળવી રાખવાનો સંકલ્પ લીધો છે. આ જ રીતે ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા અને ઓખા ખાતે તાલુકા સ્તરે તાલુકા કાનૂની સેવા સમિતિ ખાતે સ્વચ્છતા અંગેના જુદા જુદા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.



થોડી રાહ જુઓ, વહુને રસોઈ બનાવવામાં દરરોજ મોડું થતું તે કેમ ભુલી ગયા?



દર વર્ષે પંદર દિવસ નવરાત્રીની પ્રેકટીસ અને દશ દિવસ નવરાત્રીના ગરબા રમવા છતાંય તારૂં વજન નથી ઘટતું, તે શું?

# ડોળાસા બાયપાસ સર્કલ વચ્ચે વીજપોલથી લોકો પરેશાન



(પ્રતિનિધિ દ્વારા) ડોળાસા તા.૨૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે બાયપાસ સર્કલ વચ્ચે વીજપોલ ઊભો છે જે હટાવ્યો નથી પણ ફોરટ્રેક રોડનું કામ પૂરૂં થતા આ વીજ પોલ સી.સી.રોડરની વચ્ચે આવી ગયો છે.

ડોળાસા ગામે બાયપાસ સર્કલનું કામ ચાલુ છે. પણ અહીં એક વીજપોલ રોડ વચ્ચે અડીખમ ઉભો છે. અને પોલ નજીક સી.સી.રોડનું કામ પુરૂં થતા આ પોલ રોડની વચ્ચે આવી ગયો છે. જેના પર વાયરો પણ છે જેથી વાહન ચાલકો અને લોકોમાં આશ્ચર્ય સર્જાયું છે.

નિયમાનુસાર ફોરટ્રેક રોડ ઉપરથી વીજ વાયરો પસાર થતા નથી. વીજ વાયરો રોડ નીચેથી અંડરગ્રાઉન્ડ પસાર કરવામાં આવે છે. પણ ડોળાસા બાયપાસ સર્કલ પાસે સિમેન્ટ રોડની વચ્ચે (આ વીજ પોલ વાયર સાથે) આવી ગયો છે. જે હટાવી દેવાશે પણ હવે આ સી.સી.રોડ તોડીને આ વીજ પોલ કાઢવામાં આવશે. શું રોડની મજબૂતાઇ નબળી નહિ પડે..? તેવો સવાલ ઊભો થયો છે.

# શ્રાદ્ધનો વેદોમાં પણ ઉલ્લેખ છે

શ્રાદ્ધનો ઉલ્લેખ વેદોમાં પણ જોવા મળે છે. યજુર્વેદમાં એક સ્થળે ઉલ્લેખ આવે છે, હે અગ્નિ! અમારા શ્રેષ્ઠ સનાતન યજ્ઞને સંપન કરનારા પિતૃઓએ દેહાંત બાદ શ્રેષ્ઠ ઐશ્વર્ય વાળા સ્વર્ગને પ્રાપ્ત કર્યું છે ,તેવી જ રીતે અમે પણ યજ્ઞોમાં આ ઋચાઓનો પાઠ કરતા કરતા ઐશ્વર્યવાન સ્વર્ગને પ્રાપ્ત કરીએ.

અથર્વવેદમાં શ્રાદ્ધ કર્મ કરવાનો ઉલ્લેખ જોવા મળે છે કે, જ્યારે સૂર્ય-ચંદ્ર સાથે હોય તે તિથિને અમાવસ્યા તરીકે ઓળખવામાં આવે છે. તે અમાવસ્યા હું છું. મારામાં બધા જ સાધ્ય ગણ, પિતૃ વિશેષ અને ઈન્દ્રપ્રભુજી દેવતા એકઠા થાય છે. માસની પૂર્ણતા પર (અમાસના દિવસે ) ભવિષ્યનું સેવન કરવા આપ અમારા ઘરે પુનઃ પધારો.

સર્વાસ્તા આવે યુધ્ધે સ્વર્ગઃ।
ષષ્ટ્યા શરત્સઉ નિધિપા અભીચ્છાત્ ॥

અથર્વવેદ ૧૨/૩/૪૧.

અર્થાત શરદઋતુમાં છઠ્ઠી સંક્રાતિ કન્યાર્કમા જો અભીપ્સિત્ વસ્તુઓ પિતૃઓને અર્પણ કરવામાં આવે તે બધી જ સ્વર્ગનું સુખ આપનાર સાબિત થાય છે.

યે નઃ પીતુઃ પિતરો યે પિતા મહા।
તેભ્યઃ પિતૃભ્યો નમસા વિધેમ ॥

અર્થાત પિતૃ, પિતામહ અને પ્રપિતામહો ને અમે શ્રદ્ધાથી તૃપ્ત કરીએ છીએ અને નમન કરવા ની સાથે સાથે પૂજા અર્ચના કરીએ છીએ.

આ પ્રમાણે વેદોમાં પણ પિતૃ યજ્ઞના સંપૂર્ણ વિધાનની મહત્તા અને દિવ્યતાનું વર્ણન જોવા મળે છે.

'શ્રાદ્ધ સરિતા' -દેવેન કનકચંદ્ર વ્યાસ

# જૂનાગઢ કોર્પોરેશનની ડીસેમ્બરમાં ચૂંટણી ?

## વિકાસના નામે વિનાશ વેરનારા પ્રજાના કહેવાતા શાસકોના પત્તા કપાઈ જશે !

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી ડીસેમ્બર માસમાં યોજાવાની શકયતા સર્જાઈ રહી છે. ત્યારે આગામી યોજાનારી ચૂંટણીમાં અનેકના પત્તા કપાઈ જશે તેવી ચર્ચા આજે જોરશોરથી થઈ રહી છે. તો બીજી તરફ મનપામાં સત્તાનું સિંહાસન સંભાળનારા અને રાતોરાત કરોડપતિની વ્યાખ્યામાં આવી ગયેલા પ્રજાના સેવક કહેવાતા આ રાજકારણી એટલે કે, ભાજપના જ કોર્પોરેશનને અને જનતાને કીડાની માફક વળગી અને ચુસી લેનારા આવા કેટલાકનાં ગાંધીનગર ખાતેના ફેરા શરૂ થઈ ગયા છે અને એમ કહીએ કે, તેઓ દ્વારા જોરદાર લોબીંગ કરવામાં આવી રહ્યું છે પરંતુ દર વખતે ચૂંટણીઓ ટાંકણે પ્રજા સમક્ષ નવું કરવાના મુડમાં હોય તેમ ભાજપનું મોવડી મંડળ આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં પણ કંઈક નવું પીરશી અને પ્રજાને ફરી એકવાર ભાજપનું જ શાસન સ્થાપવા માટે આકર્ષિત કરવાની વ્યુહરચના ઘડાઈ રહી છે. ગાંધીનગરના સુત્રોના જણાવ્યા અનુસાર જૂનાગઢના ભારતીય જનતા પાર્ટીના કહેવાતા મોટા ગજાના નેતાઓ સામે મોડવી મંડળ પણ તેમની કામગીરીને કારણે અત્યંત નારાજ છે અને ભુલનું પુનરાવર્તન ન કરવાનું પણ મન બનાવી લીધું છે ત્યારે આગામી મનપાની યોજાનારી ચૂંટણીમાં નવો ખેલ પાડવા માટે માસ્ટર પ્લાન ઘડવામાં આવી રહ્યો હોવાનું આધારભૂત રીતે જાણવા મળેલ છે.

જૂનાગઢ શહેરના ખરાબ રસ્તા ગત વર્ષની પુર હોનારત, આ વર્ષે પણ ભારે વરસાદ અને લોકોની અનેક ફરિયાદો છેક ગાંધીનગર સુધી પહોંચેલી છે અને જૂનાગઢ શહેરમાં ભાજપના મુદ્દત પુરી થઈ ગયેલા અને વર્ષોથી શાસનનો ભાર સંભાળી રહેલા કેટલાક નેતાઓની કરમ કુંડળીથી ગુજરાતના નાથ એવા મુખ્યમંત્રી ખુબ જ નારાજ છે. ખાસ કરીને જૂનાગઢ શહેરમાં ગત વર્ષે ભારે વરસાદે જેમ પુર હોનારત સર્જી હતી અને ત્યારબાદ લોકોનો રોષ જનતાના આ સેવકો સામે ભભુકી ઉઠયો હતો અને ખાસ કરીને ગેરકાયદેસર દબાણોને વોંકળાના દબાણોના કારણે પુર હોનારત સર્જાઈ હતી તેવી ફરિયાદોના ઢગલા ગાંધીનગર સુધી પહોંચ્યા હતા. જૂનાગઢ ખાતે યોજાયેલા જાહેર કાર્યક્રમમાં પણ લોકોની ફરિયાદના પૂર્ણ પ્રતિસાદ આપી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જૂનાગઢ મનપાના વર્તમાન શાસકોને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, લોકોને જે મુશીબતનો પહાડ સમી બની ગયેલી વોંકળાના દબાણો વહેલી તકે દુર કરવા માટેનો આદેશ આપ્યો હતો પરંતુ રાજનું સિંહાસન ભાળી ગયેલા આવા પદાધિકારીઓએ પોતાની મનમાની ચલાવી હતી. વોંકળા ઉપરના દબાણો મોટા માથાઓના યથાવત રહ્યા છે. અને બીજી તરફ ગરીબ માણસોના ઝુંપડાઓને ડીમોલેશનનો ડોઝ પાઈ અને ઘરવિહોણા કરી દીધા હોવાના બનાવ અંગે પણ ભારે હોબાળો મચ્યો હતો.

હાલ તો જૂનાગઢ મહાનગરપાલિકાના ભાજપના વર્તમાન શાસકોની મુદત પુરી થતાં તેમની પાસે સત્તાનું સિંહાસન આંચકી લેવામાં આવ્યું છે. એટલું જ નહીં પ્રજાની દાદ-ફરિયાદોને નિવેડો લાવવા માટે કાર્યદક્ષ અધિકારી એવા ડો.ઓમપ્રકાશને જૂનાગઢ કોર્પોરેશનના સત્તાની ડોર આપી દેવામાં આવી છે. ખુબ જ


### સરકાર ફ્રેશ ચહેરાની શોધમાં શહેરમાં થતી ભારે ચર્ચા

ટુંકા સમયમાં કમિશ્નર દ્વારા પ્રજાની સમસ્યાને હલ કરવાના પ્રયાસો શરૂ કર્યા છે અને જેમાં ખાસ કરીને રસ્તાઓ રીપેર તેમજ તુટી ગયેલા રસ્તાઓને ફરીવાર બનાવવા અથવા તો સારી રીતે ગુણવત્તાયુક્ત કામગીરી કરવા આદેશો આપેલ છે અને આ કામ ચાલી રહ્યું છે અને એક ઘટનામાં રસ્તાના કામમાં બેદરકારી દાખવનાર એજન્સીને રૂા.૧૦ લાખનો દંડ ફટકારવાના બનાવને પગલે પ્રજાએ પણ કમિશ્નરની કામગીરીને આવકારી છે ત્યારે હજુ ચૂંટણી યોજાય તે પહેલા લગભગ બે માસનો સમયગાળો છે તે દરમ્યાન પ્રજાની મોટાભાગની ફરિયાદોનો નિવેડો આવી જાય તેવી શકયતા નકારી શકાતી નથી.

સિંહાસન પરથી ઉતરી ગયેલા આ નેતાઓની ફોજ આગામી ચૂંટણી માટે ફરીએકવાર કમર કસી છે અને તેમને ખબર જ છે કે, આ વખતની યોજાનારી ચૂંટણીમાં જૂનાગઢની શાણી, સમજુ અને શાંત પ્રજાને હવે વચનોની લ્હાણીમાં લોભાય નહીં જાય અને આપણને બરોબર ઓળખી ચુકી છે ત્યારે કોર્પોરેશનના રાજમાં પોતાનું વર્ચસ્વ સ્થાપવા માટે પોતાના પરિવારના સભ્યોને પણ ચૂંટણીમાં ઉભા રાખી અને પાછલે બારણેથી સત્તા હસ્તગત રાખવાના મનસુબા વચ્ચે આવા નેતાઓ રાખી રહ્યા છે. ગણતરી મુજબના પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણી યોજવા માટેની રણનીતીઓ તૈયાર થઈ રહી છે અને આ કહેવાતા નેતાઓ એવું સમજે છે કે, જૂનાગઢ તો ઠીક પણ ગુજરાતનું રાજ પણ આપણા હાથમાં જ છે. અને ઉચ્ચ કક્ષાના નેતાઓ એટલે કે, પ્રદેશ કક્ષાના આગેવાનો આપણે જેટલું કહેશું એટલું જ પાણી પીશે તેવા સ્વપ્નમાં આ નેતાઓ રાચી રહ્યા છે અને ગાંધીનગરના દરબારમાં અત્યારથી જ લોબીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. અને આગામી ચૂંટણીમાં પોતે નહીં તો પરિવારના સભ્યને મોહરો બનાવવાની ચાલ ખેલવામાં આવી રહી છે.

ભાજપના મોવડી મંડળ પણ આવી રજુઆતોને ધ્યાન દઈને સાંભળે છે પરંતુ તેઓએ આગળ શું નીતી નક્કી કરવી છે તે અંગેનું મગનું નામ મરી પાડતા નથી. અને તેલ જુઓ અને તેલની ધાર જોવાની નીતી અપનાવી છે. ઉચ્ચ સ્તરીય સુત્રો અને વિશ્વાસપાત્ર વર્તુળનું કહેવું છે કે, સરકાર લેવલથી આજે જૂનાગઢના ભારતીય જનતા પાર્ટીના પાયાથી લઈ અને ટોપ સુધીના નેતાઓ, તેની કામગીરી અગાઉ તેઓ શું હતા ? અને અત્યારે તેની કેવી સ્થિતિ છે તેમજ કોર્પોરેશનને બરબાદ કરવામાં તેઓ કેટલે અંશે દોષિત છે તેવી તમામ બાબતોનું પોસ્ટમોર્ટમ ચાલી રહ્યો હોવાનું સુત્રોએ જણાવેલ છે. બીજી તરફ જૂનાગઢ કોર્પોરેશનમાં ભાજપના શાસનકાળ દરમ્યાન વર્ષોથી પ્રજાએ જે હાડમારી ભોગવી છે અને જે વ્યથા પ્રજાજનો વ્યકત કરી રહ્યા છે અને ખાસ કરીને ગત બોડીએ એટલેકે ભાજપના સત્તાધિશોએ જે આ શહેરને પાયમાલીના દલદલમાં ધકેલી દીધું છે તે કોઈ કાળે ભુલી શકાય તેમ નથી અને આગામી મહાનગરપાલીકાની યોજાનારી ચૂંટણીમાં એક ઘા અને બે કટકા કરવાની નીતી અપનાવી રહ્યા છે. જો આ જ નેતાઓ ફરી વખત ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે તો તેમની ડીપોઝીટ ડુલ કરવા સહિતની તૈયારીઓ પ્રજાજનો કરી રહ્યા છે. જૂનાગઢ શહેરના વર્તમાન પ્રવાહો જોતા આજે એવું લાગી રહ્યું છે કે, કોઈ કાળે ગવાઈ ચુકેલા નેતાઓને આ વખતની ચૂંટણીમાં પ્રજા આવકાર નહીં આપે પરંતુ ખાસડાનો હાર પહેરાવે અને ઘરભેગા કરી દેવાની રણનીતી પ્રજાજનોએ બનાવી દીધી છે. તો બીજી તરફ ભાજપનો મોવડી મંડળ અને સરકાર પણ કોઈપણ રીતે ફરીએકવાર જુનાગઢ શહેરના કોર્પોરેશન કબ્જે કરવાની તૈયારી કરી રહ્યું છે અને ફ્રેશ ચહેરા માટેની શોધ જોરશોરથી ચાલી રહી છે. એટલું જ નહીં કોર્પોરેશનની ચૂંટણી ડીસેમ્બર માસમાં યોજી નાખવામાં આવે તેવી પણ શકયતા જોવાઈ રહી છે. ટૂંકમાં જૂનાગઢ મહાનગરપાલીકાની આગામી ચૂંટણી ઘણા રંગ-ઢંગ સમી બની રહે તેવી શકયતા જોવાઈ રહી છે.

# જૂનાગઢમાં માંગનાથ રોડમાં આવેલ પ્રિયા કોમ્પ્લેક્ષ અને રવિ કોમ્પ્લેક્ષમાં ગટર-પાણીની લાઈન તૂટી જતાં વેપારીઓની દુકાનોમાં પાણી ઘુસી ગયા : ભારે નુકશાન









### આ વિસ્તારમાં નવી ગટરની લાઈન નાંખવાની કાંઈ જરૂર નથી તેવી અનેકવાર રજુઆત છતાં પણ આપખુદશાહી વલણથી કામગીરી કરતા વેપારીઓ હેરાન

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરનો સતત ૨૪ કલાક ધમધમતો અને વેપારી વિસ્તાર ગણાય છે તેવા માંગનાથ રોડમાં ગટરની લાઈન તુટી જતાં વેપારીઓની દુકાનમાં પાણી ઘુસી જવાના કારણે લાખોની નુકશાની થઈ હોવાનું વેપારીઓ દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. અગાઉ પણ રજુઆતો કરવામાં આવી હોવા છતાં પણ ગટરની લાઈનને પાણીની લાઈન સાથે ભેળવી દેવાતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે અને અવાર-નવાર પાઈપલાઈન લીક થવાના બનાવો બની રહ્યા છે ત્યારે તંત્રના મનમાની સમા વલણ સામે વેપારીઓમાં ભારે રોષ વ્યાપી ગયેલ છે. જૂનાગઢ શહેરના હૃદયસમા માંગનાથ વિસ્તારમાં ભૂગર્ભ ગટર નાંખવાની કામગીરી હાથ ધરનાર તંત્રને આ વિસ્તારના એટલે કે વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર હિતેષભાઈ ઉદાણીએ પણ લેખિત રજુઆતો પણ કરી હતી તેમજ કલોથ એન્ડ મર્ચન્ટ એશો.ના પ્રમુખ ભુપેન્દ્રભાઈ તન્ના તેમજ અગ્રણીઓએ રજુઆત કરી હતી કે, આ વિસ્તારમાં ભૂગર્ભ ગટર તેમજ પાણીની નવી લાઈન પણ નાખવાની કોઈ જરૂરીયાત નથી.

આ વિસ્તારમાં નવાબી સમયની લાઈન કાર્યરત છે અને અત્યાર સુધીમાં કોઈપણ જાતની તે અંગેની ફરિયાદો પણ ઉઠવા પામી નથી. પરંતુ તેમ છતાં રજુઆતોને કાને ધરવામાં આવી નહીં અને તંત્ર દ્વારા ભૂગર્ભ ગટરની લાઈન નાખવામાં આવી અને જેને કારણે આ વિસ્તારમાં પાણીની લાઈન સાથે ભૂગર્ભ ગટરની લાઈન મીક્ષ થઈ જતા અત્યારે પ્રદુષીત પાણી આ વિસ્તારમાં આવે છે જેને કારણે લોકો વિવિધ પ્રકારના રોગોનો ભોગ બની રહ્યા છે. આ દરમ્યાન ગઈકાલે વરસાદ આવતાં વધુ કફોડી પરિસ્થિતિમાં આ વિસ્તારને મુકાઈ જવું પડયું છે.પ્રિયા કોમ્પ્લેક્ષ અને રવિ કોમ્પ્લેક્ષમાં આ લખાઈ છે ત્યારે લાઈનો ડેમેજ થવાના કારણે વેપારીઓની દુકાનોમાં પાણી ઘુસી ગયા છે. એટલું જ નહીં આ વિસ્તારમાં આવેલા પ્રાચીન સમયના હનુમાનજીના મંદિરમાં પણ હનુમાનજીની પ્રતિમા સુધી આ પાણી ઘુસી ગયા છે. હાલ પાણી ઉલેચવાની કામગીરી ચાલી રહી છે પરંતુ લાઈન લીકેજ થવાના કારણે વેપારીઓ તેમજ આસપાસના વિસ્તારમાં જે પાણી ઘુસી ગયા છે તેને લઈને વેપારીઓને લાખોની નુકશાની થઈ રહી હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવે છે. તેમ જણાવી કલોથ એશો.ના પ્રમુખ ભુપેન્દ્રભાઈ તન્નાએ આ અંગેની વ્યથા પણ વ્યક્ત કરી હતી અને અગાઉ કરવામાં આવેલી રજુઆતોને પણ તંત્રએ કોઈજાતનું ધ્યાન આપવામાં આવ્યું નથી. તેવી વ્યથા ઠાલવી હતી.

એક તરફ નવરાત્રી અને દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે તેવા આ તહેવારોના દિવસોમાં પણ માંગનાથ વિસ્તારમાં તંત્ર દ્વારા રોડના ખોદકામ દરમ્યાન જેસીબી ચલાવવાના કારણે પાણીની અને ગટરની લાઈનને ડેમેજ થવાના કારણે આજે પાણી દુકાનોમાં ઘુસી ગયાનો બનાવ બનેલ છે. તેમ જણાવ્યું હતું. અત્રે નોંધનીય છેકે, માંગનાથ વિસ્તારમાં રોડ ખોદવાની કામગીરી દરમ્યાન વેપારીઓએ તહેવારોના ટાકણે રોડ ન ખોદવામાં આવે તેવી રજુઆત સાથે એક તકે તો જેસીબીની સામે સુઈ જવાની ચિમકી પણ આપી હતી અને તંત્રએ વહેલીતકે કામગીરી પૂર્ણ કરવાનો કોલ આપતા માંડ મામલો થાળે પડ્યો હતો.

## વંથલીના મોટા કાજલીયાળા ગામે યુવતીએ ઝેરી દવા પી લેતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

વંથલી તાલુકાના મોટા કાજલીયાળા ગામે રહેતા પરિવારની યુવતીએ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે નયનભાઈ ગોવીંદભાઈ મણવરે જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્રી રિધ્ધીબેન(ઉ.વ.૧૮)વાળાઓએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢમાં મહિલાનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં આવેલ મંગલધામ-૩ સોસાયટીમાં રહેતા મહિલાએ કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું સી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે પરેશભાઈ પરસોતમભાઈ અમાસણાએ જાહેર કરેલ કે મૃતક ભાવીશાબેન યોગેશભાઈ પરમાર(ઉ.વ.૨૬)વાળાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## પૈસા મોકલી દેવા છતાં માલ નહી મોકલી છેતરપીંડી કરનાર સુરતના શખ્સ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢના ભાટીયા ધર્મશાળા સિલ્વર પાર્ક સોસાયટી વિસ્તારમાં રહેતા યુવાને સુરતના શખ્સ પાસેથી પ્લાસ્ટીકની બોટલનો માલ મંગાવેલ જેના પૈસા જમા કરાવી દીધા બાદ માલ નહી મોકલતા એ ડીવીઝન પોલીસ મથકે છેતરપીંડીની ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે મહમદ જુનેદભાઈ સલીમભાઈ ગુંદાણીએ જીતુભાઈ ગોરધનભાઈ દેવરીયા રહે.સુરત મો.૯૬૦૧૧૨૬૯૪૪વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આરોપી જેના મો.નં.૯૬૦૧૧૨૬૯૪૪ વાળા જેનુ ટ્રુ કોલરમા નામ ભાવેશ પટેલ આવતુ હોય જેનુ ખરેખર સાચુ નામ જીતુભાઈ ગોરધનભાઈ દેવરીયા રહે. હાલ સુરત વાળાએ પ્લાસ્ટીકની બોટલનો માલ ખરીદ કરવા અંગે ફરીયાદીને વિશ્વાસમા લઈ ફરીયાદીએ ખરીદ કરેલ માલ ફરીયાદીને મોકલાવેલ ન હોય અને આ માલનુ પેમેન્ટ રૂપીયા ૩,૭૫,૦૦૦/- આરોપીએ જણાવેલ બેંક એકાઉન્ટમા કરાવી લઈ ફરીયાદીને માલ મોકલેલ ન હોય અને ફરીયાદીને પ્લાસ્ટીકના માલ મોકલવા અંગે વિશ્વાસમા લઈ માલ મોકલેલ ન હોય અને ફરીયાદી સાથે છેતરપીંડી કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં આઈટીઆઈના બે વિદ્યાર્થી ઉપર હુમલો કરી બાઈકની લૂંટ ચલાવનાર બે શખ્સની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરમાં આઈટીઆઈમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ઉપર હુમલ કરી બાઈકની લૂંટ કરનાર બે શખ્સોની પોલીસે ધરપકડ કરી અને તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ આઈટીઆઈમાં ડીઝલ મિકેનિકલનો કોર્સ કરતા અને મધુરમના સુદામા પાર્કમાં રહેતો ૨૦ વર્ષીય નવઘણ વરજાંગભાઈ રાવલીયા નામનો યુવક મંગળવારે બપોરે ૨ વાગ્યે આઈટીઆઈ રિસેસ પડતા જીજે ૧૧ એએફ ૦૬૯૪ નંબરના બાઈક ઉપર મિત્ર પાર્થ વિજયભાઈ કોઠીવાડ અને વિમલ મારૂ સાથે નાસ્તો કરવા જતો હતો. ત્યારે વિવેકાનંદ સ્કુલના ગ્રાઉન્ડના ગેટ પાસે સાથે અભ્યાસ કરતો પ્રશાંતને ખાડીયા વિસ્તારમાં રહેતો કરણ ઉર્ફે પિન્કી અને જયેશ જેન્તી પરમાર નામનો શખ્સ ટીંગા ટોળી કરી લઈ જતા હતા. જેથી નવઘણ રાવલીયા સહિતનાએ પ્રશાંતને શા માટે લઈ જાઓ છો તેમ પૂછતા બંને શખ્સે ઉશ્કેરાઈ જઈને નવઘણ તેમજ પાર્થ ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. આથી બંને મિત્રો વધુ મારની બીકથી બચવા માટે બાઈક લઈને નીકળવા જતા હતા તે વખતે બાઈકની ચાવી જુટવી લઈ અને ધક્કો મારી કરણ તથા જયેશ રૂપિયા ૮,૦૦૦ની કિંમતનાં બાઈકની લૂંટ ચલાવી નાસી ગયા હતા. આ હુમલામાં બંને યુવકને ગંભીર પ્રકારની ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને લઈને



એ ડિવિઝન પોલીસે નવઘણ રાવલિયાની મોડી રાત્રે ફરિયાદ લઈ પીએસઆઈ એ.એ. પરમારે ગણતરીની કલાકોમાં ખાડિયા વિસ્તારમાં રહેતો કરણ ઉર્ફે પીંકી બાબુ સોમાણી અને દિનદયાળ નગર રોડ ઉપર રહેતો જયેશ જેન્તી પરમારની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આઈટીઆઈમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થી ઉપર હુમલો કરી બાઈકને લૂટ ચલાવનાર બે આરોપી પૈકી કરણ ઉર્ફે પિન્કી બાબુ સોમાણી અગાઉ કેરીના બોક્સની ચોરી કરતા પકડાયો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.


• હરક્યુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.